પૃષ્ઠ : ૧૦૪

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ,
મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

## દિપોત્સવી અંક
## વર્ષ ૨૦૨૧



વર્ષ : ૪૯ મુલ્ય : રૂા. ૮/- અંક : ૧૦-૧૧
ઑક્ટોબર-નવેમ્બર ૨૦૨૧


Valiant Organics
Limited
A QUANTUM
LEAP FORWARD
109, Udyogkshestra, 1st Floor,
Mulund, Goregaon Link Road,
Mulund - 400 080.
Mob.: 9820808644 / 2267976673
mahesh.savadia@valiantorganics.com
www.valiantorganics.com



વ્હાલા સ્વજનો – જ્ઞાતિ મિત્રો

વિ.સં. ૨૦૭૭ના અંતિમ દિવસ એટલે કે આ દિપાવલીના પર્વની આપ સહુને તથા આપના સૌ પરિવારજનોને શુભકામના આખુ વર્ષ જેમના ચરણોમાં બેસીને આપણે શુભ વાંચન, મનન અને ચિંતન કરીએ છીએ એ માતા સરસ્વતીને આજના મંગલ દિને ભાવપૂર્વક વંદના કરીએ.

આજથી શરૂ થતું વિ.સ. ૨૦૭૮ આપ સૌ વાચક મિત્રો અને સૌ પરિવારજનો માટે ખૂબજ ફળદાયી સુખદાયી અને પ્રસન્નકર્તા બની રહે તેવી હાર્દિક શુભકામના.

આ નૂતનવર્ષમાં આપણે સૌ એક સાથે વધુ ને વધુ વાંચન કરીએ, ચિંતન કરીએ અને ઉત્તમ લેખોનું મનન કરીને આપણા જીવનપથને વધારે પ્રકાશિત કરીએ, આપ સહુના હૃદયમાં પ્રસન્નતા પ્રસરે એ જ પ્રભુ પ્રાર્થના...

ફરી એકવાર, આપ સૌને દિપાવલી પર્વની હાર્દિક શુભકામના – નવા વર્ષના સાલમુબારક.

### શ્રી સોરઠ વિશા શ્રીમળી જૈન સમાજ, મુંબઈ

## સમાજની કાર્યવાહીક કારોબારી સમિતી

| | | | |
|---|---|---|---|
| શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા | - પ્રમુખ | શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા | - માનદ્‌મંત્રી |
| શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા | - ઉપ-પ્રમુખ | શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝની | - માનદ્ સહમંત્રી |

## સલાહકાર સમિતી

| | |
|---|---|
| શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા | શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર |
| શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી | શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ |

# ઓક્ટોબર માસના મુખપત્રના સૌજન્ય દાતા



**દાતાશ્રી**

**શ્રી. નરોત્તમદાસ જીવનભાઇ વોરા**



શ્રી નરોત્તમદાસ જીવનભાઇ વોરા નો જન્મ તા. ૨૧-૦૬-૧૯૧૦ મધરવાડા ગામે થયો હતો. પિતાશ્રીનું નામ જીવનભાઈ અને માતુશ્રીનું નામ મણિબહેન હતું. નાનપણમાં જ માતા-પિતાના સારા સંસ્કારો અને શિક્ષણનું સિંચન થયું હતું. અભ્યાસ જૂનાગઢમાં કર્યો હતો. નરોત્તમભાઈ ભોલગામડાના શેઠ શ્રી વિઠ્ઠલભાઈ મહેતાની સુપુત્રી દિવાળીબહેન સાથે પરણ્યા હતા.

સંતાનોમાં ૩ દીકરા અને ૪ દીકરીઓ છે. પોતાના વતનથી મુંબઈ આવી કારકિર્દીની શરૂઆત ઇન્સ્યુરન્સ ક્ષેત્રથી કરી, પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે ધંધામાં આગળ વધવું. પોતાની આગવી કુશળતા, સાહસ અને બુદ્ધિશક્તિથી 'અપ્રતીમ' સફળતા હાંસલ કરીને ૧૯૫૫માં ફોરેજ એન્ડ કું.ના નામે પેઇન્ટ અને વોર્નિશન ઉદ્યોગમાં તેમણે શરૂઆત કરી હતી. સમાજ સ્વાવલંબી, આત્મનિર્ભર બને એવું તેમનું સ્વપ્ન હતું.

આપણા સમાજ, શુભેચ્છક મંડળ, શેઠ દેવકરણ મૂળજી જૈન બોર્ડિંગ રાજકોટ તેમ જ મહાવીર જહન વિદ્યાલય અને લાયન તારાચંદ બાપા હૉસ્પિટલમાં, પરાંઓના મંડળોમાં નોંધનીય સહયોગ દ્વારા ઉત્કૃષ્ટ સેવા બજાવી છે. તેવી જ રીતે ધાર્મિક ક્ષેત્રમાં પણ રસ લઈ ઘણાં સુંદર કામો કર્યાં છે. અનેક સેવા તેમ જ દાન આપી પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે. આ દરેક કાર્યમાં પત્ની દિવાળીબહેનનો સાથ પણ એટલો જ હતો. આ જ માતા-પિતાના સંસ્કારો તેમના દીકરા-દીકરીઓમાં પણ આવ્યા.

તેમના પુત્રો તેમના રાહબર બની સમાજકાર્યમાં ભાગ લઈ રહ્યા છે. શ્રી ધીરુભાઈ આજે બોર્ડિંગના મૅનેજિંગ ટ્રસ્ટી છે અને પહેલાં પણ ૨૦૦૪માં મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે સેવા આપેલ. સમાજમાં પણ પ્રમુખ તરીકે કારોબાર સંભાળેલ. શ્રી ચંદ્રકાંતભાઈ શુભેચ્છક મંડળમાં ટ્રેઝરર તરીકે સેવા આપે છે. તેમના ત્રીજા પુત્ર ડૉ. ભૂપેન્દ્ર અમેરિકામાં સ્થાયી થયેલ છે. આ બોર્ડિંગના નૂતન ભવનના નિર્માણમાં સહભાગી થઈ મોટું અનુદાન આપેલ છે અને નૂતન ભવન પર પરિવારના નામનો આદેશ લીધેલ છે.

શ્રી નરોત્તમભાઈ આ રીતે સમાજની ઉત્કૃષ્ટ સેવા બજાવતા તા. ૨૧-૧૦-૧૯૯૫ના સ્વર્ગવાસ થયા. આ રીતે તેમનું જીવન તેમના પરિવાર માટે દીવાદાંડીસમ બની રહેશે.



# તંત્રીસ્થાનેથી....

મારા વાચક મિત્રો,

સહુને મારા સાદર પ્રણામ.

આસો માસે ઉત્સવની ટોળી
લજો હૈયાને હરખે હિંચોળી
દીવા લઈને આવી દિવાળી
પૂરજો ચોકે રૂડી રંગોળી

– કીર્તિ મયુર મહેતા

દિવાળી નામ છે, ખુશીનું, પ્રકાશનું, લક્ષ્મીનું. આ નવા વર્ષ દરમ્યાન તમારી જીંદગીમાં ખુશી, પ્રકાશ અને લક્ષ્મીની ભરપૂર કૃપા રહે તેવી શુભકામના. વિશ્વમાં સારા અને ખોટા બન્ને તત્વો ભરેલા છે. તેમાં જેની શોધ કરશો જેને ઈચ્છશો તે તમને મળશે. અન્યના જીવનમાં રહેલા શુભ ગુણો તરફ ધ્યાન આપો અન્યના દોષો તરફ ન જુઓ. માણસ જ્યારે માણસ ને ઊમંગથી મળે તે પળ જ દિવાળી.

જે લોઢાના તાર દ્વારા વિજળી પ્રવાહ ચાલી રહ્યો હોય છે તે તારની જોડે લોઢાનો કટકો મુકશો તો તે લોઢાના કટકામાં પણ વિજળીનો પ્રવાહ ચાલુ થશે, તેવી જ રીતે જેણે પોતાના જીવનમાં પ્રેમનો પ્રવાહ વહેરાવ્યો છે. તેમનામાં પ્રેમ રાખવાથી આપણા હૃદયમાં પ્રેમ પ્રગટવા માંડશે. અજ્ઞાન સર્વ દુર્ગુણોનું મૂળ છે. વિચારોને નિર્મળ બનાવો, તેમાં અદ્‌ભૂત સામર્થ્ય રહેલું છે. તમારા શબ્દોમાં તમારા વિચારોના ભાવ જણાઈ આવે છે. તમારું ભવિષ્ય ઘડનારા તમારા જ વિચારો છે.

પ્રેમ ઉન્નતિને અનુકુળ છે. દ્વેષ એ ઉન્નતિનો વિરોધી છે. પ્રેમ પ્રેમને અને દ્વેષ દ્વેષને ઉત્પન્ન કરે છે. વિશ્વમાં સારી ભાવના ફેલાવો અને સામેથી વ્યાજ સાથે ઉચ્ચ ભાવના ગ્રહણ કરો. ડાંગર વાવવાથી ડાંગર જ લણાય એમ કુદરત કહે છે. પણ તમારે શું વાવવુ તે કુદરત હુકમ કરતી નથી. તમને પસંદ હોય તે વાવો પણ વાવ્યા પછી એકને બદલે બીજું ફળ મળે તે આશા રાખશો નહિ. શું કરવું તેની પસંદગી કુદરત તમને સોંપે છે. પણ પછી તેનાથી ઉત્પન્ન થતાં પરિણામમાંથી તમે છૂટી શકો તેમ નથી. આ કર્મનો મહાન નિયમ છે. મનુષ્યએ નિરંતર આ નિશ્ચય દ્રઢ રાખવો જોઈએ 'મને સુ:ખ-દુ:ખ આપનાર બીજો કોઈ નથી, પણ હું પોતે જ છું' જેમ કર્મ સત્તા બળવાન છે તેમ આત્માની સત્તા તેના કરતાં અનંત ગુણી બળવાન છે તો આવો,

આ દિવાળીએ સહુને ઊમંગથી, પ્રેમથી મિઠાશથી મળીએ અને એકબીજાના હૃદયમાં સાચી પ્રેમની દિવાળી જગાડીએ.

K. M. Mehta

## ઓક્ટોબર માસના મુખપત્રના "સૌજન્ય દાતા"



# સ્વ. શ્રીમતી તારાબેન રમણીકલાલ ઝવેરચંદ વસા

શ્રીમતી તારાબેનનો જન્મ તા. ૨૦.૧૦.૧૯૩૩ (કારતક સુદ ૧) ના થયો હતો. તેઓ શાંત, સરળ સ્વભાવ, ઉત્તમ કુટુંબ ભાવના ધરાવતા અને દરેક સાથે હળવું, મળવું, સરળ વાણી વર્તન તેમજ વ્યવહાર કુશળ હતા. તેમનું નિખાલસ લાગણીપ્રધાન હૃદય બિલોરી કાંચ જેવું સ્વચ્છ અને પારદર્શક હતું. જે તેમની નિર્મળતા, વિશાળતા અને સરળતા દર્શાવતું હતું.

તેમની ધીરજ, સહનશીલતા, વિશ્વાસ અને સ્વાભિમાને હંમેશા તેમના બહોળા પરીવારને સંગઠીત રાખ્યા હતા. તેમની આજ સરળતાએ તેમનાં નામ તારાબેનને સાર્થકતા બક્ષી હતી. સમાજ સેવામાં તેમના પતિ શ્રી રમણીકભાઈ'ને જીવનની દરેક પળે હંમેશા સાથ અને સહકાર આપ્યો હતો. તેમના ત્રણ પુત્રો તથા એક પુત્રીને ખુબજ સારા સંસ્કાર તથા ઉચ્ચ કેળવણી આપવા અથાગ પરિશ્રમ કરી પોતાના છેલ્લા દિવસોમાં લીલી વાડી જોઈ'ને ખૂબ જ સંતોષ પામ્યા હતા. તેમની કુટુંબ ભાવનાએ તેમના વિશાળ વટવૃક્ષ સમા વસા પરિવારને ઘટાદાર વડલાં જેવી છાયાં તથા શીતળતા અર્પી હતી. તેમના ૬૨ વર્ષના પ્રસન્ન દામ્પત્ય જીવનમાં તેમણે ખૂબજ સમૃધ્ધિ, પ્રેમ અને ઔદાર્ય પ્રાપ્ત કર્યુ હતું. છેલ્લા દાયકામાં શારીરીક તકલીફ હોવા છતાં ખૂબજ સંયમ રાખી પ્રસન્ન વદન રહ્યા હતા.

બીજા માટે કંઇક કરી છુટવાની ઉદાર ભાવના તથા દરેકને પ્રેમથી સાથ સહકાર આપી અને પોતાના ચહેરે સદાય સ્મિત રાખતા, તે જ તેમની જીવનભરની મૂડી હતી.

*"પહેલા આંસુ આવતા અને તમે યાદ આવતા,*
*આજે તમે યાદ આવો છો અને આંસુ આવે છે."*

# દીપોત્સવી અંકના સૌજન્ય દાતા

## શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર



શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા

કુશાગ્ર બુદ્ધિ, ચાતુર્ય, સાહસ, ધૈર્ય અને બાહુબળ વડે સખત પરિશ્રમ અને પ્રારબ્ધના બળે મુંબઈની ધરતી પર પગ મૂકીને જેમણે જબ્બર સફળતા, પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવી છે એવા સમાજના ટોચના આગેવાનોમાં શ્રી માણેકલાલ ઝવેરચંદ વસાનું નામ તેજસ્વી તારકની જેમા સદૈવ ચમકતું રહેશે.

શ્રી માણેકલાલ વસાનો જન્મ તા. ૧૨-૧૨-૧૯૨૨ના થયો હતો અને તા. ૧૫-૭-૧૯૯૪ના ચિરઃવિદાય લીધી હતી. મૂળ વતન પાટણવાવ, પરંતુ મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી હતી. શ્રી માણેકલાલભાઈએ મુંબઈમાં આવીને સખત પરિશ્રમ અને પુરુષાર્થ વડે જીવનનું ઘડતર કર્યું હતું. મહેનત, બુદ્ધિબળ અને નસીબયોગે તેમણે ઉત્તરોત્તર ધંધામાં સફળતા હાંસલ કરી હતી અને મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

શ્રી માણેકલાલભાઈએ સામાન્ય અદના માનવી તરીકે શરૂઆત કરીને શૂન્યમાંથી સર્જન કર્યું હતું. કટલરીના નાના એવા ધંધાથી શરૂઆત કરીને પોતાના વેપારી સામ્રાજ્યને વિસ્તારીને એક મોટું વટવૃક્ષ બનાવી દીધું હતું. જર્મનીની ખ્યાતનામ કંપની બી.એસ.એફ.ની એજન્સી મેળવી હતી અને કેમિકલ્સના વ્યવસાયમાં તેમના સ્થાનને વધુ મજબૂત બનાવ્યું હતું. મુંબઈમાં હિમાલય હાઉસ ખાતે હેડઑફિસ ઉપરાંત મદ્રાસ, બેંગલોર, કોચીન, અમ્બુર, વનિયમવાડી, રાણીપેઠ વગેરે સ્થાને બ્રાન્ચ ઑફિસો શરૂ કરી હતી. તેમણે સ્થાપેલી અને વિકસાવેલી કંપનીઓમાં ઇન્ડકેમ માર્કેટિંગ કોર્પોરેશન, મિહિર કેમિકલ્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., ઇન્ડકેમ ડિસ્ટ્રિબ્યુશન પ્રા. લિ., ઇન્ડકેમ ડિસ્ટ્રીબ્યુટર, મિહિર ડાયકેમ, એમ. નરેન્દ્રકુમાર ઍન્ડ કું. વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી માણેકલાલભાઈ વસાએ લક્ષ્મી મેળવી હતી અને તેનો સદ્‌ઉપયોગ કર્યો હતો. તેમનું સમગ્ર જીવન સેવા અને સમર્પણનો ઇતિહાસ છે. તેમનો માયાળુ પ્રેમાળ સ્વભાવ અને બીજાને માટે કાંઈક કરી છૂટવાની ભાવના અને બીજા માટે ભોગ આપવાની તૈયારી અને અંગત સુખના ભોગે સમષ્ટિ સુખની ઉદાત્ત ભાવના અને એ માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો નિરંતર યાદ રહેશે. શ્રી માણેકલાલભાઈ વસા આપણા સમાજના એક ઊંચા ગજાના માણસ હતા. તેમના જીવન અને કવનને શબ્દોમાં મૂલવી શકાય નહીં. તેમનું ચાર દાયકાનું સામાજિક અને જાહેરજીવન ધબકતું હતું. જ્ઞાતિમાંથી સમાજ બન્યો, આપણો સામાજિક માહોલ ઘડાયો. જીવનમાં સમૃદ્ધિનાં મંડાણ થયાં. શ્રીમંતાઈ આવી, સામાજિક ભાવના અને ઉદારતાનાં દર્શન થયાં. સામાજિક મોભો, ગૌરવ, વિનય, વિવેક, આદર-સત્કાર, હોંશ અને કાંઈક સુંદર વિશિષ્ટ કરવાની જે તમન્ના ઊભી થઈ અને મુંબઈ શહેરમાં આપણી નાની એવી કૉમ્યુનિટીને જે સ્ટેટસ મળ્યું તેમાં મુ.શ્રી શ્રી માણેકલાલભાઈનો ફાળો નાનસૂનો નથી.

શ્રી માણેકલાલભાઈ મહાવીર જૈન વિદ્યાલયના ખજાનચી બન્યા હતા અને શિક્ષણના ક્ષેત્રે અનોખી સેવા બજાવી હતી. રાજકોટ ખાતેની દેવકરણ મૂળજી જૈન



બોર્ડિંગના વિકાસમાં તેમણે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી અને ટ્રસ્ટી તરીકે સેવા બજાવી હતી. તેઓ સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના અગ્રગણ્ય આગેવાન હતા અને બીજી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમણે દે. મૂ. જૈન બોર્ડિંગમાં સારું એવું અનુદાન કર્યું હતું. આ ઉપરાંત તેમની સ્મૃતિમાં તારાચંદ બાપા હૉસ્પિટલ – સાયન ખાતે રૂા. ૧૧ લાખનું અને સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહમાં રપિયા અઢી લાખનું દાન કરવામાં આવ્યું છે. તેમણે સૌરાષ્ટ્ર અને ખાસ કરીને પાણવાવ ખાતે જુદી જુદી શૈક્ષણિક, ધાર્મિક અને તબીબી સંસ્થાઓને ઉદાર હાથે અનુદાન કર્યું હતું. મુંબઈની જુદી જુદી જૈન સંસ્થાઓને પણ તેમની ઉદારતાનો લાભ મળ્યો હતો. સો. વિ. જૈન સમાજના જરૂરિયાતવાળા લોકોની રહેઠાણ યોજના માટે તેમણે સારુંએવું અનુદાન કર્યું હતું.

મુ. શ્રી માણેકલાલમાં કોઈપણ જાતની મોટાઈ કે અભિમાન નહોતાં. સરળ મૈત્રીભર્યા સ્વભાવને કારણે તેમણે આસપાસના વર્તુળોમાં અનહદ ચાહના પ્રાપ્ત કરી હતી. દરેક વ્યક્તિ પ્રત્યે તેમને સમભાવ હતો. દરેક  પ્રશ્નને તેના ખરા સંદર્ભમાં સમજવાની અને મૂલવવાની તેમનામાં કુનેહ અને સૂઝ હતી. તેમની આ સૂઝ અને ઉદારતાનો લાભ સમાજની અનેક સંસ્થાઓ અને લોકોને મળ્યો હતો. તેઓ માણસપારખુ હતા. સામા માણસને ઓળખવામાં અને સમજવામાં તેમણે કદી થાપ ખાધી નહોતી. તેણે મોટાથી નાના સુધીના તમામ માણસો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધ્યા હતા અને વિકસાવ્યા હતા. આવા વ્યાપક મૈત્રીભર્યા સંબંધો અત્યારના જમાનામાં જાળવી રાખવા મુશ્કેલ બને પરંતુ તેઓ સૌ કોઈના મિત્ર બની શક્યા હતા અને સૌનાં સુખ-દુઃખમાં ભાગીદાર પણ બની શક્યા હતા. સારા-માઠા પ્રસંગોએ તેઓ સંબંધિત વ્યક્તિઓના ઘેર પહોંચ્યા વગર રહે નહીં. તેઓ વ્યવહારકુશળ અને વ્યવહારદક્ષ માનવી હતા.

તબીબી અને શૈક્ષણિક ક્ષેત્રે જરૂરિયાતવાળા માણસોને બનતી સહાય કરવી એ મુ. શ્રી માણેકલાલભાઈનો સંકલ્પ હતો. જરૂરિયાતવાળા માણસને હૉસ્પિટલમાં દાખલ કરવાથી માંડીને એક સ્વજનની જેમ દેખભાળ કરવાનું કાર્ય તેમણે વર્ષો સુધી કર્યું હતું અને દીન-દુઃખિયાનાં આંસુઓને લૂછ્યાં હતાં. કોઈપણ કામ માટે માણેકલાલભાઈને ફોન કરો અને તે ન કરી આપે એવું કદી બન્યું નહોતું. આ કામ મારાથી નહીં થાય કે આ કામ અશક્ય છે એવો શબ્દ તેમની ડિક્ષનરીમાં હતો નહીં. કોઈપણ કામ હસતે મોઢે કરી આપવું, તે માટે કોઈ પણ જાતની આભારની-માનની અપેક્ષા રાખવી નહીં એ તેમનો સ્વભાવ હતો. તેમને ઉદ્યોગપતિઓ, વેપારીઓ, સરકારી અમલદારો અને પોલીસ અફસરો સાથે તથા પત્રકારો સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. આ બધા સંબંધોના કારણે ઉચ્ચકક્ષા સુધી તેમની પહોંચ હતી અને કોઈપણ કામ તેઓ કરાવી શકતા હતા. આ માટે જશ મળે એવી પણ તેમને અપેક્ષા નહોતી. સામા માણસની મુશ્કેલી દૂર થાય, દુઃખી માણસ હળવાશ અનુભવે એમાં તેમને આનંદની અનુભૂતિ થતી હતી. બીજાનું દુઃખ જોઈને તેઓ દ્રવી જતા હતા. તેઓ ખૂબ જ લાગણીશલ, સંવેદનશીલ વ્યક્તિ હતા. કેટલીક સાચી વાત વિનયપૂર્વક કહેવાની તેમની આગવી સૂઝ હતી જેથી સામા માણસને માઠું લાગે નહીં અને પરિસ્થિતિની ચોખવટ થાય. તેમના આવા વલણને કારણે તેમને ભાગ્યે જ કોઈની સાથે મતભેદો થયા.

મુ. શ્રી માણેકલાલભાઈને સાહિત્ય, વાંચન અને ચર્ચા-વિચારણામાં ઊંડો રસ હતો. તેમની પાસે શ્રેષ્ઠ ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ હતો. વાંચનમાં કાંઈ સારું લાગે તો તેનું કટિંગ સાચવીને રાખતા હતા. જીવનના તમામ વિષયો – રાજકારણથી માંડીને ધર્મ સુધીની બાબતોમાં તેઓ રસ કેળવી શક્યા હતા. જે કાંઇ વાંચે, વિચારે તેનું ઊંડું મંથન પણ કરતા હતા. દરેક પ્રશ્નને ઊંડાણથી સમજીને તેનો તાગ કાઢવાનું તેમનું વલણ હતું. જીવનનાં રહસ્યો અને આંટીઘૂંટીઓને તેઓ સાચી રીતે સમજી શક્યા હતા.

મુ. શ્રી માણેકલાલભાઈએ હોદ્દાનો કે ઊંચા આસને બેસવાનો કદી મોહ રાખ્યો નહોતો. તેમનામાં ઉદાર દિલ અને નેક ભાવના હતાં. જરૂરિયાતવાળા માણસો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ તેમના હૈયામાં હતી. સમાજના લોકો ખૂબ ખૂબ પ્રગતિ સાધે અને જીવનમાં ઊંચા આવે તેવી એમની ભાવના હતી અને આ અંગે જીવનભર તેમના પ્રયાસો રહ્યા હતા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે ...

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે ...

એ ભાવનાને ચરિતાર્થ કરનાર મૂઠી ઊંચેરા માનવીને કોટિ કોટિ વંદના ...

# દીપોત્સવી અંકના સૌજન્ય દાતા

## પ્રેમ, સ્નેહ, કર્તવ્યપરાયણતા અને કુટુંબભાવના



સ્વ. નર્મદાબેન માણેકલાલ વસા

શાંત, સરળ, મિલનસાર સ્વભાવ અને સૌ પ્રત્યે પ્રેમ અને કુનેહની લાગણી, દુઃખી અને પીડિતો માટે કરુણાની ભાવના ધરાવતાં સ્વ. નર્મદાબેન માણેકલાલ વસાએ કુટુંબ એન પરિવારમાં આદરભર્યું સ્થાન મેળવ્યું હતું.

એક આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને ઘરનાં મોભી તરીકે તેમણે સુપેરે જવાબદારી નિભાવી હતી અને પરિવારના તમામ સભ્યો પ્રત્યે પ્રેમ વર્ષાવ્યો હતો. બહોળું કુટુંબ, કૌટુંબિક વહેવારો, સામાજિક જવાબદારી આ બધામાં ક્યાંય પણ ઓછું ન આવે એની તકેદારી અને દરેક કાર્ય દીપી ઊઠે તેનો તેમણે પૂરો ખ્યાલ રાખ્યો હતો.

ઘર ચાર દીવલોથી બનતું નથી. ગૃહિણી માત્ર ઘરની શોભા નથી, પરંતુ સંસ્કારની દાત્રી છે. તેમણે સંતાનોને એવા સંસ્કાર આપ્યા હતા કે તેઓ મર્યાદા અને આમન્યા ભૂલે નહીં, વિવેક રાખે અને સૌ પ્રત્યે આદર જાળવે. આ સંસ્કાર વારસાનાં આપણને તેમના પરિવારમાં દર્શન થાય છે.

સ્વ. નર્મદાબેન બહુ ભણેલાં નહોતાં. ઘણી મુશ્કેલીઓ વેઠી હતી, પરંતુ કદી હિંમત હાર્યાં નહોતાં, ધૈર્ય ગુમાવ્યું નહોતું. કુટુંબ પ્રત્યેની ફરજ ચુકાઈ નહોતી. જીવનમાં સારા દિવસો આવ્યા પરંતુ કશું અભિમાન નહીં. કશી મોટાઈ નહીં. ખૂબ જ નિખાલસતા, કડવું કદી બોલવું નહીં, કોઈની ટીકા કરવી નહીં અને કર્તવ્ય નિભાવ્યે જવું એ તેમનો શ્રેષ્ઠ ગુણ હતો.

જિંદગીમાં તડકા-છાયા બધું જોયું હતું. તેઓ બધામાં ખુશ હતાં. ગમે તે પરિસ્થિતિમાં આનંદમાં રહેવું, પોતાના દુઃખનો કોઈને અણસાર આવવા ન દેવો, બીજાના સુખેસુખી અને બીજાના દુઃખેદુઃખી એવો તેમનો માયાળુ સ્વભાવ હતો.

કોઈને પણ દુઃખી જોઈને તેમનું હૃદય દ્રવી ઊઠતું હતું. તેઓ પોતાનાથી બનતું બધું કરી છૂટતાં હતાં. ઉદાર દિલ, નેક ભાવના, બધાનું સારું જોવું આ બધા ગુણોને કારણે તેમણે પરિવાર અને સ્નેહીજનોમાં અપાર ચાહના હાંસલ કરી હતી.

કુટુંબની પ્રગતિ, વિકાસ અને સફળતામાં પડદા પાછળ તેમનો બહુ મોટો હાથ હતો. આજે સ્વ. માણેકલાલભાઈ વસાનો પરિવાર પ્રગતિના શિખર પર છે, તેનો યશ પણ પૂ. નર્મદાબેનને જાય છે. કુટુંબને તેમણે એક તાંતણે રાખ્યું હતું. પ્રેમ, સ્નેહ, કરુણા અને કર્તવ્યપરાયણતા દ્વારા તેમણે જીવનનો સાચો ધર્મ બજાવ્યો હતો.

॥ वंदे श्री ऋषभं वीरं ॥

JITO MATRIMONY

JITO LADIES | JITO YOUTH | JITO MUMBAI ZONE

JOINTLY PRESENT

JITO Matrimony Virtual Meet 2021

# રિશ્તે

REGISTRATION OPEN

## Exclusively for Mumbai & NRI Candidates

who wants to search partner from Mumbai & NRI

- Graduate and Post Graduates only
- Special meet for widow, divorcee and specially abled

Event Date
**12th Dec 2021**

Event Fees
**Rs. 850+GST**

Last Date of Reg.
**20th Nov 2021**

Registration Link
**www.tiny.cc/jmap**

**For any query contact on below**

| | |
|---|---|
| Neeru Mehta | - 9820801241 |
| Basanti Jain | - 9870030001 |
| Chandra Jain | - 9869538686 |
| Jaya Shah | - 8080640756 |
| Binna Shah | - 9819422123 |
| Vandana Savla | - 9833765605 |
| Kusum Nabera | - 9930048729 |

You can also write us at :
**shweta@jito.org**

## Shri Sorath Visha Shrimali Jain Samaj - Mumbai

**Mahesh Savadia** – President
**Gunvant Mehta** – Vice President
**Mayur Mehta** – Secretary
**Dixit Mazani** – Jt. Secretary

### JITO Mumbai Zone

**Prithviraj Kothari** – Chairman
**Manish Jain** – Chief Secretary
**Pravin G Dhoka** – Convener, JITO Matrimony
**Mehek Mehta** – Convener, JITO Youth Wing

### JITO Ladies Wing

**Sunita Bohora** – Chairperson
**Sonali Dugar** – Chief Secretary
**Varsha Dhoka** – Convener, JITO Matrimony
**Nidhi Mehta** – Convener, Mumbai Zone

# નવેમ્બર માસના ''સૌજન્ય દાતા''



## સ્વ. શ્રી નટવરલાલ મોહનલાલ શાહ

આપણાં સમાજમાં નટુભાઈના લાડલા નામથી ઓળખાતા. મૂળવતન ધોરાજી. જન્મ તા. ૨૫-૧-૧૯૩૦.

મુંબઈમાં યુવાનીમાં વકીલાતના વ્યવસાયમાં રસ લઈને નટુભાઈ વકીલ તરીકે સારી નામના મેળવી હતી. જીવનમાં શુન્યમાંથી સૃષ્ટિ સર્જન કરી આપ મેળે આગળ આવી જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં સંસ્થાઓને અનુદાન આપી પોતાનું જીવન સાર્થક કર્યું.

આપણા સમાજમાં ઉપ-પ્રમુખ અને કાર્યવાહક સમિતીના સભ્ય તરીકે ઘણા લાંબા સમય સુધી સેવા આપેલ હતી. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ-ઘાટકોપરના સ્થાપક પ્રમુખ હતા. તેમ જ ઘાટકોપર મંડળની ઓફિસ લેવા માટે પણ માતબર રકમનું યોગદાન આપેલ હતું. ઘાટકોપરના શ્રી સોરઠ વિશા શ્રીમાળી સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી હતા અને આ ટ્રસ્ટને પણ મોટું યોગદાન આપેલ હતું. નોચલ ફાર્માસ્યુટીકલ લી.ના ડાયરેક્ટર હતા.

તેમના પરિવારમાં તેમના ધર્મપત્ની લલિતાબેન, જેતપુર નિવાસી શ્રી જગન્નાથ લક્ષ્મીચંદ શેઠના દીકરી. તેમનો એક દીકરો સંજય, આંતરરાષ્ટ્રીય મોર્ગન સ્ટેનલી લી. કંપનીમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે. પુત્રવધૂ નંદીતા અને બે પૌત્ર હિમાનીષ - પ્રણય. બે દીકરીઓ ભાવના અને સંગીતા પરિણીત છે. નટુભાઈના શુભ કાર્યો તેમના પરિવારના પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે.

નટુભાઈ ધૂપસળી જેવું જીવન જીવી, સમાજની ઉત્કૃષ્ટ સેવા બજાવતા તા. ૩૦-૧૧-૨૦૦૪ના સ્વર્ગવાસ થયા અને સુગંધ ચોતરફ મુકતા ગયા.

# પ્રથમ પુણ્યતિથિ

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥



## સ્વ. ભારતીબેન ગુણવંતરાય મહેતા

જન્મ : શનિવાર તા. ૪–૧૦–૧૯૫૪ ● અરિહંત શરણ : ગુરુવાર તા. ૧–૧૦–૨૦૨૦

આપનું જીવન અમારી પ્રેરણા છે,
આપના આદર્શો અમારા માર્ગદર્શક છે,
મનુષ્ય સેવા અને ધર્મભાવ આપની ઓળખાણ છે,
આપ સદાય અમારા સ્મરણોમાં રહેશો.

● શ્રદ્ધા સુમન ●

પુત્ર–પુત્રવધુ : શ્રી અલ્પેશ મહેતા – અ.સૌ. કુંતલ મહેતા
પુત્રી-જમાઇ : અ.સૌ. રાજુલ નિપુલકુમાર વોરા, અ.સૌ. રૂપલ ચિંતનકુમાર વોરા
પૌત્ર–પૌત્રી : પલક–પ્રશમ
દોહિત્રી : શીલ–જીયા–વિદિતી

**શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર**

જેતપુર નિવાસી હાલ ભિવંડી–મુલુન્ડ

Suvidha

*With Best Compliment From*

**Rashmin Patva**

**Tel.: Off.: 2240 3432 / 4978 4130**
**Cell.: 98215 80130 / 80805 80130**

# PALLAVI ARTS

20/24, Pragaji Drindavan Co. Op. Society,
1st Floor, Old Hanuman Lane, Mumbai - 400 002.

Shop No. 11, Botawalla Bldg.,
Gr. Floor, 27/31, Old Hanuman Lane,
Mumbai - 400 002.

46, Chandra Bhavan, Shop No. 27, 1st Floor,
Old Hanuman Lane

Ajay S. Sheth
Cell.: 98200 81063

# R. K. ELECTRICALS

Sole Selling Distributors :
TRIMITI Brand Flame Proof Electric Fittings

19, Tavawala Bldg., 1st Floor, 147, K. M. Sharma Marg,
Lohar Chawl, Mumbai - 400002.

Tel.: 2206 3982 • 3003 7245 • Tel Fax : 2208 7044
E-mail : rkeflp@gmail.com

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨
For Website Registration Mobile No. 9321775805
ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com
www.svjainsamaj.com

તંત્રી : શ્રીમતી કીર્તિબેન મયુરભાઈ મહેતા મો. ૯૨૨૪૭૭૧૨૩૮



### સમાજની કાર્યવાહીક કારોબારી સમિતિ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- પ્રમુખ
શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા ------------------ ઉપ-પ્રમુખ
શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા ------------------ માનદ્‌મંત્રી
શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝની -------------- માનદ્‌ સહમંત્રી

### સલાહકાર સમિતિ

શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા - શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી
શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર - શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ



BANK DETAILS:
Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ
BANKER : Bank of Baroda, M. J. Market, Mumbai-3
S. B. A/c No. 03870100000044
IFSC : BARB0BULLIO MICR : 40012047

Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST
BANKER: UNION BANK OF INDIA
Princess Street, Mumbai - 400 002
S.B.A/c. No. 319102010054364
IFSC : UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે
Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

લવાજમના દરો ભારતમાં
વાર્ષિક : રૂા. ૧૦૦/- આજીવન રૂા. ૧૫૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ-નીતિનભાઈ બદાણી**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ,
નાયડુ કોલોની પાસે, પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ- ૭૫
ફોન:૯૨૨૩૪૩૦૪૧૫



## શ્રી સોરઠ વિશાશ્રીમાળી

અંક - ૧૦-૧૧ ⦿ વર્ષ : ૪૯ ⦿ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૧ ⦿ મૂલ્ય રૂા. ૮


# જગતનો સૌથી સુખી માણસ

મા-બાપ ને કોઈની સામે નજર ન ઝૂકાવી પડે એવી રીતે દીકરીએ જીવવું...!

અને મા-બાપ ને કોઈની સામે હાથ લંબાવવો ન પડે એવી રીતે દીકરાએ જીવવું...!!

પોતાના ઘરમાં જેનું હસીને સ્વાગત થાય છે...

એ જગતનો સૌથી સુખી માણસ છે...

પ્રગતિ ભલે ધીમી થાય પણ ઈમાનદારી રાખજો કારણ કે

મનગમતું બધું મળી જાય તો જીવવાની શી મજા...??

જીવવા માટે એકાદ કમી પણ જરૂરી છે...!!

સપનું - એટલે પગથિયા વિનાની સીડી એ

ધ્યેય - એટલે નિશ્ચિત કરેલા પગથિયા

કિંમત ના હોય ત્યાં વહેંચાવું નહીં...!

અને કદર ના હોય ત્યાં ઘસાવું નહીં...!

શબ્દ પણ ભોજન છે...

ક્યા સમયે ક્યો શબ્દ પિરસવો તે આવડી જાય ને

તો દુનિયામાં તેનાથી બેસ્ટ કૂક કોઈ નથી.

શબ્દો મફત છે પરંતુ તેને વાપર્યા પછી કિંમત ચૂકવવી પડે છે...

પાણી ને પણ તરવું હોય તો બરફ બનવું જ પડે છે

એવી જ રીતે સુખી થવું હોય તો જૂનું ભૂલી નવું સ્વીકારવું જ પડે છે.

લીંબુ પાણી મીઠાથી ખારું થાય, તો સાકરથી મીઠું થાય...

પણ મન ખાટા થાય તો ગમે તેટલી સાકર નાખો, મીઠા નહીં થાય...!!

પ્રેમથી - માફ કરતા શીખો

કેમકે આપણે પણ ભગવાન પાસેથી આ જ આશા રાખીએ છીએ.

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી શાંતિલાલ અંદરજી કોરડિયા

જન્મ : તા. ૨૧-૦૮-૧૯૩૮ સ્વર્ગવાસ : તા. ૩૦-૧૦-૨૦૧૧

સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં,
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભુલાય નહીં.

સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે

"તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;
સુગંધ જેની ચૌ-તરફ મૂકતા ગયા."

અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતાં રહે અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના...!!

લી. શ્રીમતી ગુણિયલબહેન શાંતિલાલ કોરડિયા તેમ જ

અંદરજી પાનાચંદ કોરડિયા પરિવાર

KAYAMI /OCTOBER

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

શ્રી તારાચંદ ધનજી મહેતા કાર્યાલય, દેવકરણ મેન્શન, બ્લોક નં. ૭, બીજે માળે,
વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
svjainsamajmumbai2@gmail.com-data@svjainsamaj.com www.svjainsamaj.com

તા. ૨૫-૧૦-૨૦૨૧

માનનીય સભ્યશ્રી,

## બાબત : વાર્ષિક સામાન્ય સભા

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે આપણા સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪.૧૧.૨૦૨૧ બુધવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે મહાજન હૉલ, મુંબઈ ટેક્સટાઇલ મર્ચન્ટ મહાજન, ૨૫૦, શેખ મેમન સ્ટ્રીટ, એમ. જે. માર્કેટ, ઝવેરી બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨ મધ્યે નીચેના એજન્ડા માટે રાખવામાં આવેલ છે. તો સર્વ સભ્યોએ સમયસર પધારવા વિનંતી છે.

### એજન્ડા

૧) ગત સામાન્ય સભાની મિનિટ્સ વાંચીને પસાર કરવી.

૨) વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને ૨૦૨૧-૨૦૨૨ બે વર્ષ માટે ઓડીટરની નિમણુંક તથા મેહનતાણું નક્કી કરવા બાબત.

૩) વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૦૨૩ બે વર્ષ માટે કારોબારી સમિતીના સભ્યોની ચૂંટણી / નિમણુક કરવા બાબત.

૪) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય રજુ થાય તે બાબત.

**નોંધઃ**

અ) કોરમના અભાવે મુલતવી રહેલી સભા અર્ધા કલાક પછી તેજ સ્થળે. તેજ એજન્ડા માટે મળશે જેમાં કોરમનો બાધ રહેશે નહીં.

બ) હિસાબો સમાજના કાર્યાલયમાં તા. ૧૫-૧૧-૨૦૨૧, ૧૬-૧૧-૨૦૨૧ અને ૧૭-૧૧-૨૦૨૧ સાંજે ૨થી ૪ દરમ્યાન જોઈ શકાશે. હિસાબો અંગેની ચોખવટ માટે તા. ૧૮.૧૧.૨૦૨૧ સુધીમાં લેખીત અરજી સમાજના કાર્યાલયમાં આપવા વિનંતી છે.

ક) સામાન્ય સભામાં રજુ કરવા માટેના સુચનો સભા શરૂ થતા પહેલાં અર્ધા કલાક અગાઉ મંત્રીશ્રીને લેખીત આપી દેવા વિનંતી, જેથી સભામાં રજુઆત અર્થે મુકી શકાય.

ડ) કારોબારીની ચુંટણી કે નિમણુક બાબત ચુંટણી નિરીક્ષક તરીકે ૧) શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી તેમજ ૨) શ્રી રાજેશભાઈ ઉત્તમચંદ શાહની નિમણુક કરવામાં આવી છે.

ઈ) અલ્પાહારની વ્યવસ્થામાં રાખવામાં આવેલ છે.

સામાન્ય સભામાં હાજર રહેવું આપણી સામાજીક ફરજ છે. હૉલની સમય મર્યાદા બપોરના ૪થી ૭ સુધીની જ છે. તો અવશ્ય સમયસર પધારવા વિનંતી.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ વતી**
**મયુર નગીનદાસ મહેતા / દિક્ષિત નટવરલાલ માઝની - માનદ્ મંત્રીઓ**

# શ્રદ્ધાંજલિ







## સ્વ. શાંતાબેન મથુરાદાસ સાવડીયા

સ્વર્ગવાસ : તા. ૦૭-૧૦-૧૯૯૮

**હળવું હળવું તમારું અસ્તિત્વ ને એમાંથી પ્રસરેલી ભીની ભીની સુવાસ,**
**સંકોરે છે એ પ્રેમાળ વદન, જાણે તમે અહીં જ છો અમારી આસપાસ.**

પુત્ર : મહેશભાઇ મથુરાદાસ સાવડીયા (મુલુંડ)
પુત્રવધૂ : હર્ષાબહેન મહેશભાઇ સાવડીયા
પૌત્ર : નેમીન મહેશભાઇ સાવડીયા
પૌત્રવધૂ : સોનાલી નેમીનકુમાર સાવડીયા
પ્રપૌત્ર : સાહિલ નેમીનકુમાર સાવડીયા
પ્રપૌત્ર : ક્યાન નેમીનકુમાર સાવડીયા
પૌત્રી : પાયલ પ્રણવકુમાર દિનેશભાઇ શાહ
પ્રપૌત્રી : નુપૂર પ્રણવકુમાર શાહ
પ્રપૌત્ર : આર્ય પ્રણવકુમાર શાહ

પુત્રી : કુમુદ જસવંતરાય ખુશાલચંદ મહેતા (ઉપલેટા)
દોહિત્રી : કાજલ જસવંતરાય મહેતા
પુત્રી : નયના પ્રવિણચંદ્ર કુશ્લચંદ્ર મહેતા (મોટી પાનેલી)
દોહિત્ર : નિખીલ પ્રવિણચંદ્ર મહેતા
દોહિત્રી : હેતલ ભાવેશકુમાર શાહ
દોહિત્રી : બિજલ હેમાંશકુમાર કોરડીયા

# જગત ની પાઠશાળા

નાલંદા-કાશીને દેવગિરિ કે તક્ષશિલા નહિ, પણ... આખું જગત પાઠશાળા છે, જો તમને વિદ્યાર્થી બનતા આવડે તો! જગતની શાળામાં બનતા બધા જ પ્રસંગો, બધી જ ક્રિયાને પ્રતિક્રિયાઓ જો તમને ભણતા આવડે તો પાઠ છે. જગત પાઠશાળા છે, પ્રસંગો પાઠક છે.

એક નાની ઘટના નાની ઉંમરે સ્કૂલમાં પાઠરૂપે ભણેલા. વાંચો કથા.

હતો એ બળવાન રાજા, પણ... નસીબે સાથ ન આપ્યો ને એ યુદ્ધ હારી ગયો. હારીને હતાશ થઈ ગયેલા એણે નગરની બહાર આવેલા પહાડની વાટ પકડી. દુશ્મનોએ એને પકડવા આખા લશ્કર સાથે એની પાછળ પીછો કર્યો.

પણ... નસીબે એને સાથ આપ્યો. ચાલતા-ચાલતા એને પહાડમાં એક ગુફા દેખાઈ. એ દોડતો ગુફામાં ઘૂસી ગયો. એને બહાર ઘોડાના ડાબડા સંભળાતા હતા. સૈનિકોના હોકારો ને પડકારા સંભળાતા હતા. એને થયું કે, જો ભૂલેચૂકે એકે'ય સૈનિક અંદર આવ્યો તો હું પકડાઈ જવાનો ને મરાઈ જવાનો.

પણ... સૈનિકો ત્યાંથી આગળ ચાલ્યા ગયા. રાજાએ વિચાર્યું, હવે હું ક્યાં જાઉં? બસ! આ જ જંગલમાં ક્યાંક ઝૂંપડું બનાવી જીંદગી પૂરી કરું, નહિ તો આ જ ગુફા મારું ઘર. એ વિચારમાં રાજાએ રાત પસાર કરી, પણ રાતે એને ઊંઘ ન આવી.

ખૂબ સાવચેતી સાથે રાજા ગુફાની બહાર આવ્યો ને પાણીની શોધ કરી. ત્યાં સદનસીબે ગુફાની નજદીકમાં જ એક નાનુશું ઝરણું કલ-કલ કરતું શાંતિથી વહી રહ્યું હતું. રાજાએ ઝરણાનું નિર્મળ જળ પીધું, એનામાં હવે થોડી સ્ફૂર્તિ આવી ને ભૂખનો અનુભવ જાગ્યો.

ભૂખ લાગતાં રાજાએ થોડાક ફળો શોધ્યા ને પેટની આગને શાંત કરી. એ પાછો ગુફામાં આવ્યો. બે-ચાર દિવસ થયા ને રાજાને પોતાનું રાજ્ય યાદ આવ્યું, પરિવાર યાદ આવ્યો ને રાજાની આંખોમાં દરિયો આવ્યો, રાજા ઉદાસ થઈ બેસી પડ્યો.

ને મનોમન વિચાર્યું, હવે શું! રાજ્ય તો ગયું, પરિવાર ક્યાં ગયો કોને ખબર. હવે રાજ્ય પણ નહિ મળે ને પરિવાર પણ ભેગો નહિ થાય. મારી આખી જીંદગી વેરવિખેર થઈ ગઈ. મારો માળો વિખરાઈ ગયો. રાજ્ય લૂંટાઈ ગયું. હવે જીંદગી જીવવાનો કોઈ અર્થ નથી.

હતાશ થયેલો રાજા વિચારે છે કે, હવે મૃત્યુ એ જ મારા માટે રસ્તો છે.

યાદ રહે,

મૃત્યુ રસ્તો છે, પણ... સસ્તો નથી. મૂર્ખતાને ભીરુતાને વાપર્યા વગર એ રસ્તે ચાલી નથી શકાતું.

આ સમજાય તો સલામ, નહિ તો આગળ!

રાજા એ રસ્તો વિચારે છે ને તૈયારી કરે છે કે, બસ ગુફાની બહાર જાઉં ને પહાડ પર ચડી કૂદી પડું. પણ... ક્યાં જનમવું ને ક્યારે જનમવું એ આપણા હાથમાં નો'તું તો, ક્યારે મરવું ને ક્યાં મરવું તે'ય આપણા હાથમાં નથી! રાજા આ વિચારે ચડ્યો છે. ત્યાં જ એણે જોયું તો ગુફાના એક ખૂણામાં... રાજાએ કરોળિયાને જાળું બનાવતા જોયો, પણ એને જાળાંનો તાર વારે-વારે તૂટી પડતો'તો. કરોળિયો પાછો તાર જોડવા લાગી પડતો. એના મોઢામાંથી એ લાળ કાઢતો જાય ને જાળું ગૂંથતો જાય. કલાક-બે કલાક કરોળિયો મથતો રહ્યો, પણ... જાળું વારંવાર તૂટતું રહ્યું. રાજા સવારથીઆ જોતો હતો. બપોર થઈ, કરોળિયો જાળું ગૂંથવામાં મચી પડ્યો હતો.

થોડીક વાર બેસે ને પાછો મચી પડે. રાજા મનોમન બોલ્યો, "મૂર્ખ છે આ કરોળિયો! સવારથી જાળું ગૂંથવા મથે છે. તો'ય ગૂંથાતું નથી. હવે સાંજ પડશે ને પછી રાત થશે. આ મૂર્ખ થાકી-થાકીને મરી જશે. એના કરતાં આ પડતું મૂકી એમને એમ જીવે તો શું વાંધો! પણ... જીવડાંની મૂર્ખ જાતને કોણ સમજાવે!!!

બપોર વીતી, સાંજ પડી. રાજા જોતો રહ્યો ને મનોમન કરોળિયાની મૂર્ખતા પર હસતો રહ્યો.

રાજાનો મરવાનો વિચાર કરોળિયાને જોવામાં ભૂલાઈ ગયો. રાત પડી. રાજાને થોડીક ઊંઘ આવી બીજે દિવસે સવારે રાજા પાછો ઝરણાં પાસે ગયો, પાણી પીધું, ફળો

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. ધીરજલાલ છોટાલાલ શેઠ (ઉ. વર્ષ ૬૮)**

સ્વર્ગવાસ : તા. ૧૮-૧૦-૧૯૮૦

હળવું હળવું તમારું અસ્તિત્વ ને એમાંથી પ્રસરેલી ભીની
ભીની સુવાસ સંકોરે છે એ પ્રેમાળ વદન,
જાણે તમે અહીં જ છો અમારી આસપાસ

: અહર્નિશ વંદન :

**સ્વ. છોટાલાલ હરખચંદ શેઠ** (ઉના)

**સ્વ. જીવલાલ બબજી ઠક્કર** (રાણપુર ભેંસાણ)

પુત્ર : **શરદ, કિશોર** પુત્રવધૂ : **મીના, જ્યોતિ** પૌત્ર : **ધવલ, સમીપ** પૌત્રી : **ધારા**

પુત્રી જમાઈ : **કુમુદ પ્રવીણચંદ્ર શાહ, હસુમતી મણીકાંત મહેતા, કોકિલા શરદકુમાર મહેતા, રેખા દિનેશકુમાર વડાલિયા, સ્મિતા મનીષકુમાર દોશી, નીતા મુકુન્દકુમાર પારેખ**

દોહિત્ર - દોહિત્રવધૂ : **મનીષ, મેઘાવી, હિરેન-ઊર્મિ, અમિત-અદિતિ, વિરલ-પીયુષા, દર્શન-ફેમિના**

પ્રદોહિત્રી : **મહેક, આરુષી** પ્રદોહિત્ર : **ક્રીશીવ**

દોહિત્રી જમાઈ : **ખ્યાતિ નિરવકુમાર પારેખ, સ્વાતિ ભાવિકકુમાર ગોહિલ, વૈશાલી પ્રતીકકુમાર સરવૈયા**

પ્રદોહિત્ર : **હર્ષિલ-ભવ્ય, વિહાન-હિતાંશ** દોહિત્ર : **સર્વેશ** દોહિત્રી : **વિધિ, રિદ્ધિ**

**સર્વેની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

**કિશોર ધીરજલાલ શેઠ**

સી/૧૧, શંકર વિજય, પ્લોટ નં. ૧, રાજાવાડી, ઘાટકોપર, મુંબઈ - ૪૦૦૦૭૭.
ટે.નં. ૨૧૦૨૮૨૨૩ / ૨૧૦૨૬૪૩૪ મો.નં. ૯૮૨૧૦૧૮૩૪૨

તોડી લાવ્યો ને ફળ ખાવા બેઠો.

ત્યાં જ એની નજર સામેના ખૂણા પર ગઈ. ને જોયું તો, કરોળિયો ફરી જાળું ગૂંથવાની મહેનત કરી રહ્યો હતો. પણ જાળું વારે વારે અડધુ-પડધું બનતું ને તૂટી પડતું. બપોર થઈ, પણ કરોળિયો થાક્યા વગર મહેનત કરતો જ રહ્યો. રાજા મનોમન કરોળિયાની દયા ખાતો રહ્યો. રાજાને વિચાર આવ્યો કે, ''આ કરોળિયો બિચારો આમ ને આમ મરી જવાનો.'' પણ... ત્યાં જ રાજાની આંખો વિસ્ફારિત થઈ ગઈ. એણે જોયું તો વારંવારની કરોળિયાની મહેનત રંગ લાવી ને જાળું બની ગયું! કરોળિયો પાણીના રેલાની જેમ જાળાંની ઉપર દોડવા લાગ્યો'તો. રાજાએ આ દ્રશ્ય જોયું.

એ ઊભો થઈને જાળાં પાસે ગયો ને જોયું તો, કરોળિયો પોતાની આજીવિકા ઊભી કરી રહ્યો હતો. રાજા વિચારે ચડી ગયો ને બોલ્યો, ''કમાલ છે કરોળિયાની હિંમતને! એ ભલે હજાર વાર હાર્યો, પણ છેલ્લે એણે હારને હાર આપી!!!

ને એ જ ક્ષણે એના મનમાં વિચાર ઝબક્યો. ''જો હજાર વાર હારીને'ય હારને જીતમાં પલટાવી શકાય, તો હું તો હજુ એક જ વાર હાર્યો છું ને એટલામાં હારી ગયો!!!'' બસ, આ જ વિચારે એનામાં જોશ ઉભરાયું. એનામાં હિંમતનો પારાવાર ઉછળ્યો ને એક ઝાટકે એ ઊભો થઈ ગયો.

એને હવે જીતનો પાઠ મળી ગયો. એ પાછો નગરમાં આવ્યો. એણે સૈન્ય ભેગું કર્યું ને તૂટી પડ્યો દુશ્મન રાજા પર ને જ્વલંત વિજય મેળવ્યો. આનું કારણ હતું માત્ર હિંમત!

કથા તો પૂરી કરીએ, પણ થોડીક નજરને બદલીએ. જગત આખું પાઠશાળા છે, વિદ્યાર્થી બનીને જો ભણીશું - જઈશું - રહીશું ને જોશું તો!!! બધે જ ઈશારા મળશે, બધે જ બોધ મળશે. પણ, શરત એટલી જ કે શોધક બનીએ, વિદ્યાર્થી બનીએ. બાકી કરોળિયો... એ તો ક્ષુદ્ર જંતુ! પાઠ આપણે જ લેવાનો છે.

ચાલો, જગત પાઠશાળા છે. અહીં પ્રત્યેક પ્રસંગ પાઠ છે., આપણે વિદ્યાર્થી બની Bright Future બનાવીએ.

# જૈન પદ્ધતિ મુજબ મોબાઈલ ઉપવાસ

**મોટા ઉપવાસ**

અઠ્ઠાઈ : દિવસ આઠ, અઠ્ઠમ... દિવસ ત્રણ,

'છઠ્ઠ... દિવસ બે માટે સદંતર ત્યાગ.

બાહ્ય:

**નાનો ઉપવાસઃ** આજે Whatsapp કે Facebook આખો દિવસ નહીં જોઉં એ નહીં વાપરું.

**ઊણોદરીઃ** આજે આવેલા Messageમાંથી ૨૫ ને પણ નહિ કરું.

**વૃત્તિ સંક્ષેપઃ** આજે કોઈ Image કે Video download નહિ કરું અને Broadcast પણ કરીશ નહીં.

**પ્રાયશ્ચિતઃ** આજે Battery પૂરી થઈ હોવા છતાં mobile charge નહિ કરું.

**વિનયઃ** આજે mobileને ઘરના મંદિરની બાજુમાં સ્થિર રાખીશ.

**વૈયાવચ્ચઃ** આજે જેટલો સમય વાપર્યો હોય તેટલો સમય વડીલોની સેવાકરીશે.

**સ્વાધ્યાયઃ** આજે mobileનો બસ ત્યાગ કરવો જ છે, એવું જ રટણ કરીશ.

**ધ્યાનઃ** આજે કદાચ કાંઈક સારું mobileમાંથી વાંચ્યું હોય તો તે યાદ કરી તેનું ચિંતન કરીશ.

**કાયોત્સર્ગઃ** આજે આ કાયાથી landlineનો આગાર (છૂટ) પણ mobileનો ત્યાગ.

**સામાયિકઃ** ૪૮ મિનિટ માટે વધુમાં વધુ એ તે પમ એક જ બેઠક પરથી, માત્ર ફોન કરવા-લેવાની છૂટ, પણ-whatsapp, facebook, twitter, google, instagram અને games... આ છ વિકૃતિનો ત્યાગ.

**એકાસણું :** આજે એક જ વાર mobile વાપરવાની છૂટ maximum for 48 minutes. એક જ બેઠક પર રહીને.

**બિયાસણું :** આજે બે વાર mobile ની છૂટ. maximum for 48 minutes each time. એક જ બેઠક પર રહીને.

**પોરસી :** વહેલી સવારે સૂર્યોદય પહેલાં જાગી જવું અને સૂર્યોદયના ત્રણ કલાક પછી જ mobileને સ્પર્શ કરવો.

**સાડ્ઢપોરસીઃ** ઉપરની જેમ પણ, સાડા ચાર કલાક પછી જ સ્પર્શ.

**પુરિમુડ્ઢઃ** ઉપરની જેમ પણ, સાડા છ કલાક પછી જ સ્પર્શ.

**અવડ્ઢઃ** ઉપરની જેમ પણ, દસ કલાક પછી જ સ્પર્શ.

**ચૌવિહારઃ** સૂર્યાસ્ત પછી mobileનો ત્યાગ.

**તિવિહાર :** સૂર્યાસ્ત પછી એક જ વાર, એક જ બેઠક પરથી mobile ત્રણ મિનિટ mobile વાપરવાની છૂટ.

**દુવિહાર :** સૂર્યાસ્ત પછી બે વાર, ત્રણ-ત્રણ મિનિટ માટે, એક જ બેઠક પરથી mobile વાપરવાની છૂટ.

# ૩૦મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. જયંતીલાલ જીવનલાલ વોરા

દેહવિલય : ૦૭-૧૦-૧૯૯૧

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા

સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં. જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.

અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે

અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના...

---

## સ્વ. દમયંતીબેન જયંતીલાલ જીવનલાલ વોરા પરિવાર

પુત્ર પરિવાર : અજીત, પ્રજ્ઞા, નિશાંત, મનાલી વિજય, સંગીતા

પુત્રી પરિવાર : નયના, સ્વ. પ્રદીપકુમાર, મયંક - મુમુક્ષા, માનસી- પુનિતકુમાર

ભાઈ : સ્વ. નરોત્તમભાઈ, સ્વ. ગીરધરભાઈ, સ્વ. જેઠાભાઈ, સ્વ. અમીચંદભાઈ

બહેન : સ્વ. સાકળીબેન, સ્વ. સમરતબેન, સ્વ. દયાબેન, સ્વ. નવલબેન

તેમ જ

## શ્રી જીવનલાલ લક્ષ્મીચંદ વોરા પરિવાર

KAYAMI /OCTOBER

# વિશ્વશાંતિ માટે પ્રભુ મહાવીરના સિદ્ધાંતો અપનાવવા અત્યંત આવશ્યક છે

પ્રભુ મહાવીર સ્વામી જ્ઞાની-ત્યાગી અને વીતરાગી છે જેઓએ નિ:સ્વાર્થભાવે જગતને સુખ-શાંતિ અને આનંદનો માર્ગ બતાવ્યો છે. ભૌતિકજગતની આંધળી દોટ ચોમેર દૃશ્યમાન થઈ રહી છે. આવા સમયે ટેન્શન અને તણાવો વધતા જોવા મળે છે. શાંતિનુ નામ જોવા મળતું નથી. બધું મેળવીને પણ માણસ ભય અને ડીપ્રેશન વચ્ચે જીવી રહ્યો છે. દેશ-દેશ વચ્ચે દુશ્મની અને અવિશ્વાસના ટાંડવો રચાઈ રહ્યાં છે ટૂંકમાં વિશ્વના જીવો દુ:ખથી-ભયથી-ચિંતાથી અને આવેશની મહાખાઈમાં પટકાઈ રહ્યા છે. જેમાં કોઈ ક્ષેત્રે બાકાત રહ્યું નથી. આવી વિષમ પરિસ્થિતિમાં એક જ માર્ગ આપણી પાસે છે અને તે છે પ્રભુ મહાવીર સ્વામીએ બતાવેલા સિદ્ધાંતો! આ સિદ્ધાંતો વિશ્વને બતાવતા પહેલા પ્રભુએ સ્વયંના જીવનમાં અમલમાં મુકીને આત્મશાંતિનો આનંદ અનુભવ્યો ત્યારબાદ પ્રભુએ વિશ્વના જીવોને આ માર્ગનો સમ્યક્ બોધ આપ્યો હતો. પ્રભુ વીરના સિદ્ધાંતો સમજવામાં આવે, સ્વીકારવામાં આવે અને જીવનમાં અમલમાં મુકવામાં આવે તો વિશ્વ અનેક ખતરાઓથી બચી જાય, અનેક ખર્ચાઓથી બચી જાય અને અનેક નિર્દોષ જીવહત્યાથી બચી જાય!

પ્રભુ વીરના નામે ઉત્સવ-મહોત્સવ ઉજવવા તે સારી વાત છે પરંતુ તે ઉત્સવમાં પ્રભુ મહાવીરના સિદ્ધાંતો પણ લોકો સુધી પહોંચાડવા અત્યંત આવશ્યક છે. પ્રભુવીરના સિદ્ધાંતો જીવો સમજશે તો  ઘરઘરમા, સમાજ સમાજમાં અને દેશ-દેશમાં શાંતિની સ્થાપના થવા લાગશે. પર્યાવરણ બચાવવાની વાતો આજ થવા લાગી છે. પરંતુ પ્રભુવીરનો છકાય જીવોની રક્ષા વર્ષો પહેલા જણાવી હતી જેથી સૃષ્ટીમા તાપમાન, હવામાનાદિ સુરક્ષિત રહે તો જીવ સૃષ્ટિ સુરક્ષિત રહી શકશે. પ્રભુ મહાવીર દીર્ઘદૃષ્ટા હતા. માત્ર મંદિરોમાં જઈ ધર્મ કરવાની વાત નથી કરી પરંતુ ડગલે પગલે થતી જીવ હિંસા ન કરવાની વાત કરીને જીવોને બચાવવાની વાત કરી છે. પ્રભુ વીરનો પ્રથમ સિદ્ધાંત છે. પ્રાણાતિપાત વિરમણ કોઈપણ જીવોની હિંસા ન કરવી જેનાથી સ્વરક્ષા સહજ બને છે. અહિંસાના સિદ્ધાંતને વિશ્વ સ્વીકારીએ તો હું માનું છું. યુદ્ધનું સ્વાતભુદ્ધ લઈ લે અને અનેક અનર્થોથી આ વિશ્વ બચી શકે છે. અહિંસાના સિદ્ધાંતને સ્વીકારાય, અપનાવાય તો વિશ્વશાંતિ દૂર નથી!

વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. અમે સાચા છીએ એટલે તમે અમારા બની જાવ. તમે સાવ ખોટા છો. તમોને જીવવાનો કોઈ અધિકાર નથી આવી વિષમતા ઠેરઠેર જોવા મળી રહી છે. બધાય પોતાનો કક્કો પકડીને લડી રહ્યાં છે. પોતે સાચા છે ની જડતાએ માણસ-માણસ વચ્ચે વૈરભાવ ઉત્પન્ન કર્યાં છે જેને લઈ વિશ્વનો માનવી ઉગ્ર અને વ્યગ્ર થઈ અન્ય ધર્મ-સમાજ-જાતિનો વિરોધ કરી રહ્યો છે. આવી અવદશાથી કાયમ માટે બચવાનો એક જ માર્ગ છે અને તે છે પ્રભુવીરે આપેલો અનેકાંતોનો મંગલ સિદ્ધાંત હું જ સાચો નહીં, અમે જ સાચા છીએ એમ નહીં તમે પણ સાચા હોય શકો છો. અનેકાંતનો અર્થ છે વિવિધ દૃષ્ટિકોણ કોઈપણ બાબતને એકાંત દૃષ્ટિએ ન નિહાળતા અનેકાંત દૃષ્ટિથી વિચારવામાં આવે તે દુશ્મની મિત્રતામાં પરિવર્તિત થઈ શકે છે. મહાવીર સ્વામીએ જગતના ઝઘડતા જીવોને અનેકાંતનો સિદ્ધાંત સમજાવી મૈત્રીવાદની સ્થાપના કરી છે. લડવાનું કારણ વિચારવામાં આવે તો 'હું સાચો તું ખોટો' સિવાય અન્ય કાંઈ દેખાશે નહીં, સાથનો સ્વીકાર કરવાની તૈયારી ત્યારે જ આવશે. પ્રભુ વીરની અનેકાંત દૃષ્ટિને સમજી અને જીવનમાં સ્વીકારવામાં આવશે. આ સિદ્ધાંત વિશ્વને શાંતિ પ્રદાન કરવામાં સિંહફાળો આપી શકે તેમ છે.

પ્રભુ મહાવીરનો ત્રીજો સિદ્ધાંત વિશ્વની ગરીબી દૂર કરી આપવામાં અમૂલ્ય ફાળો પુરો પાડે તેમ છે. અને તે છે ''અપરિગ્રહવાદ''નો સિદ્ધાંત એક પાસે સાત પેઢી ન ખૂટે એટલું જોવા મળે અને એક ટંક ખાવા ન મળે. આવુ અન્બેલેન્સ જોવા મળે છે તેની પાછળ પરિગ્રહવાદ છે. બીનજરૂરી ભેગુ કરવાની વૃત્તિ અન્યને નુકસાન પહોંચાડે છે. આજના પુત્રને અપરિગ્રહવાદ અપનાવવો પડશે નહિતર માનસિક બીમારીનો ભોગ બનતા વાર નહીં લાગે. ''અતિનીગતીનથી'' આ વાતને વારંવાર વિચારવી પડશે. પરિગ્રહવાદીઓ આ દેશની ગરીબીના જવાબદાર છે. પ્રત્યેક વ્યક્તિ પ્રભુના અપરિગ્રહવાદને સમજે અને અપનાવે તો ભૂખમરો અને ચોરીલૂંટના પ્રશ્નો દૂર થઈ શકે છે. ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના મંગલ અવસરે વિશ્વને પ્રભુવીરના ત્રણ સિદ્ધાંતો સંભળાવીએ, સમજાવીએ અને સ્વીકારી જીવનમાં અપનાવે તેવો મંગલ પ્રયાસ સહઅ પ્રાર્થના કરીએ જેથી વિશ્વશાંતિનું સપનું સાકાર બની શકે.

-ડૉ. તેજસાહેબ

# શ્રદ્ધાંજલિ

તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા,
સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા
સુખને છલકાવ્યું નહીં,
દુઃખને દેખાડ્યું નહીં.
જીવન તમે એવું જીવ્યા,
ભૂલ્યું ભૂલાય નહીં.
'સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં,
કૃપા આપની વરસતી રહેશે.''
અમારા સુખદુઃખની પ્રત્યેક પળોમાં
તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે
અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ
આપે એવી પ્રાર્થના....



**સ્વ. શ્રી પ્રતાપરાય માણેકચંદ મહેતા**

મૂળ વતન - કોલકી (હાલ બેંગલોર)

જન્મ : ૨૮-૦૬-૧૯૨૬ સ્વર્ગવાસ : તા. ૧૯-૧૦-૨૦૧૮

## સ્વ. જશવંતીબહેન પ્રતાપરાય મહેતા પરિવાર

પુત્રો : **તનસુખભાઈ, વિરુભાઈ, બિપીનભાઈ, હિતેન્દ્રભાઈ**
પુત્રવધૂ : **નિરૂપાબહેન, કોકિલાબહેન, મીનાબહેન, સ્વ. જ્યોતિબહેન**
પુત્રી : **ચંદ્રિકાબહેન** * જમાઈ : **દિલીપકુમાર** * પૌત્રો : **સચિન, કલ્પેશ**
પૌત્રવધૂ : **રચનાબહેન, દીનાબહેન** * પૌત્રી : **મીતા, નિકીતા, રોશની, રચના, સ્વ. રીદ્ધી, વિધી, ભક્તિ**
જમાઈ : **ભાવિન, હેમલ, જીનેશ , સમીક, જીગર** * ભાઈ : **નગીનભાઈ માણેકચંદ મહેતા**
બહેન : **સ્વ. વિજયાબહેન કાંતિલાલ મહેતા, લલિતાબહેન શાંતિલાલ સંઘવી**
પ્રપૌત્ર : **દિવ** * પ્રપૌત્રી : **મીશીકા, આરોહી**

તેમ જ

શ્રી માણેકચંદ હેમચંદ મહેતા પરિવાર

# જ્ઞાન કસોટી

**યુગાદિદેવ શ્રી ઋષભદેવ પ્રભુના જીવનને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૯૧) ઋષભદેવ પ્રભુનો આત્મા ત્રીજા ભવમાં ક્યાં ઉત્પન્ન થાય છે?

૯૨) ચોથા ભવમાં પ્રભુનો જન્મ કઈ વિજયમાં થાય છે?

૯૩) પ્રભુની જન્મનગરી ક્યા પર્વત ઉપર આવેલી છે?

૯૪) પ્રભુનો જન્મ ક્યા દેશમાં થાય છે? નગરીનું નામ આપો.

૯૫) પ્રભુના માતા-પિતા કોણ હતા?

૯૬) ચોથા ભવમાં પ્રભુનું નામ શું હતું?

૯૭) પ્રભુના દાદાનું નામ શું હતું? તે સંયમ-પાલન કરી ક્યાં ઉત્પન્ન થાય છે?

૯૮) રાજકુમાર મહાબળના વિવાહ કઈ કન્યા સાથે થાય છે?

૯૯) ભોગની વિષમતાને કોની સાથે સરખાવી છે?

૧૦૦) શતબલ રાજા રાત્રિના સમયે એકાંતમાં કઈ ભાવના ભાવે છે?

૧૦૧) મહાબળ રાજાના મંત્રી કેટલા હતા? ક્યા ક્યા?

૧૦૨) રાજકુમાર મહાબળનો રાજ્યાભિષેક કોણ કરે છે?

૧૦૩) શતબલ મુનિ કેટલી ભાવના ભાવે છે? કઈ કઈ?

૧૦૪) સ્વયંબુદ્ધ મંત્રી કેવા હતા સમ્યક્ત્વી કે મિથ્યાત્વી?

૧૦૫) મહાબળ રાજા રાજ્યના સંચાલન માટે કોની મદદ લેતા હતા?

૧૦૬) રાજાના હિતચિંતક મંત્રી કોણ હતા?

૧૦૭) રાજકુમાર મહાબળના હૃદયમાં કોનો વાસ હતો?

૧૦૮) શતમતિ મંત્રી કેવા હતા?

૧૦૯) સ્વયંબુદ્ધમંત્રીની ચિંતાનું કારણ શું છે?

૧૧૦) વિષયક્રીડામાં આસક્ત મહાબળને શું સરખું જ લાગે છે?

૧૧૧) રાજાની સ્વચ્છંદતાથી ચિંતિત સ્વયંબુદ્ધની મનોદશા કેવી છે?

૧૧૨) 'પરિહાસિક મંત્રી' એટલે શું?

૧૧૩) વડવાનળ કોનાથી તૃપ્ત થતો નથી?

૧૧૪) નરકનો દૂત કોણ છે?

૧૧૫) સેવન કરવાથી વૃદ્ધિ પામતા વિષયોને કોની સાથે સરખાવ્યા છે?

૧૧૬) આ સંસારમાં આત્મા શેનાથી ક્યારેય તૃપ્તિ પામતો નથી?

૧૧૭) શરીરમાં પ્રવેશેલો કામદેવ પ્રાણીનું શું ખોદી નાખે છે?

૧૧૮) મંદિરની શોભા કોનાથી છે?

૧૧૯) લોકોની અપવાદ બોલીને ધ્યાનમાં ન લેવા અંગે સ્વયંબુદ્ધ શું વિચારે છે?

૧૨૦) કુસંગથી કુળવાન પુરૂષનો અભ્યુદય થતો નથી - એ દર્શાવવા કોનું ઉદાહરણ છે?

**જ્ઞાન કસોટીના જવાબોઃ** (૯૧) પ્રથમ સૌધર્મ દેવલોક (૯૨) પશ્ચિમ મહાવિદેહની ગંધિલાવતી વિજય (૯૩) વૈતાઢ્ય પર્વત (૯૪) ગંધાર દેશ - ગંધ સમૃદ્ધ નગરી (૯૫) ચંદ્રકાન્ત રાણી - શતબલ રાજા (૯૬) મહાબળ કુમાર (૯૭) અતિબલ રાજા - છઠ્ઠા લાંતક દેવલોક (૯૮) વિનયવતી (૯૯) ભુજંગની ફણા (૧૦૦) અશુચિ ભાવના (૧૦૧) ચાર - સ્વયંબુદ્ધ, સંભિન્નમતિ, શતમતિ, મહામતિ (૧૦૨) શતબલ રાજા (૧૦૩) ચાર - મૈત્રી, કરૂણા, પ્રમોદ, માધ્યસ્થ (૧૦૪) સમ્યક્ત્વી (૧૦૫) મંત્રીઓ અને સામંતો (૧૦૬) સ્વયંબુદ્ધ મંત્રી (૧૦૭) જિનભક્તિ (૧૦૮) મિથ્યાત્વી (૧૦૯) મહાબળ રાજાની વિષયાસક્તિ (૧૧૦) રાત્રિ-દિવસ (૧૧૧) થોડા પાણીમાં ટળવળતી માછલી જેવી (૧૧૨) ખુશામતીઆ (મશ્કરા) મંત્રી (૧૧૩) સમુદ્રના જળ (૧૧૪) કામદેવ (૧૧૫) ખંજવાળેલી ધાધર (૧૧૬) વિષયસુખ (૧૧૭) ધર્મ, અર્થ, મોક્ષ (૧૧૮) દેવમૂર્તિ (૧૧૯) હરણોના ભયથી ક્ષેત્રમાં જવ વાવવાનું બંધ રખાતું નથી. (૧૨૦) બદરી વૃક્ષ અને કદલી વૃક્ષ

# ૧૪મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ : તા. ૨૬-૦૪-૧૯૧૯



સ્વર્ગવાસ : તા. ૦૭-૧૦-૨૦૦૭

## સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા

**આપનો હસતો ચહેરો, પરોપકારી સ્વભાવ, ધર્મ અને જીવ પ્રત્યેની ઉદાર ભાવના,**
**સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભ ભાવના સદાયે યાદ રહેશે**

### સ્વ. સમજુબેન ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર

પુત્રો : શશિકાંત, દિનેશ, પ્રદીપ, જિતેન્દ્ર, મનોજ, અશ્વિન
પુત્રવધૂ : સ્વ. ચંદ્રિકા, જ્યોતિ, બીના, સ્વ. સોનલ, ભારતી, ચેતના
પુત્રી : મંજુલા  જમાઈ : દીપકભાઈ
પૌત્રો : કેજલ, કૌશલ, અંકુર, શ્રેણિક, ધર્મીલ * પૌત્રવધૂ : સપના, માનસી, પૂજા, ધરા
પૌત્રી : કવિતા, પુનિતા, તોરલ, પ્રણાલી, રિધ્ધિ * જમાઈ : જગદીપ, રાજેન, ઉમંગ, વિશાલ, નિશાંત
દોહિત્ર : દર્શન * દોહિત્ર વધૂ : અમી
દોહિત્રી : નિરાલી, હેલી * દોહિત્રી જમાઈ : જીજ્ઞેશ, તુષાર
પ્રપૌત્ર : હેત, સૌમિલ, યશ, દેવ * પ્રપૌત્રી : હિત્વી, હિતાંશી, વંશિકા, નવ્યા, કૃતી
તેમ જ

### શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર

# જીવન: ફરિયાદ કે ધન્યવાદ?

જીવનમાં કેટલાંક દુ:ખો સ્વસર્જિત હોય છે, તો કેટલાંક અણધાર્યા કે આકસ્મિકરૂપે આવતાં હોય છે. આવાં દુ:ખોમાં એક છે નિકટના સ્વજનનું અવસાન. પ્રિયજનના અવસાનથી જરૂર દુ:ખ થાય, પણ સાથે એ પણ વિચારે છે કે આવી રીતે અનેક વ્યક્તિઓ પ્રિયજનને ગુમાવતી હોય છે. પોતે પૂર્વે એવી ઘટનાઓ જાણી હોય છે, પરંતુ એ સમયે કોઈ અન્ય વ્યક્તિના પ્રિયજન મૃત્યુ પામ્યા છે માટે એને લેશમાત્ર આઘાત થયો નહોતો. એ ઘટનાની એણે ઉપેક્ષા કરી હતી. અરે! ચિત્તમાં એવી કલ્પના પણ કરી નહોતી કે આ રીતે પોતાના પ્રિયજનનું મૃત્યુ સંભવી શકે છે. આ તો પગ પર પાણી આવ્યો એટલે ખ્યાલ આવ્યો.

જો એ સમયે એણે મૃત્યુનો વિચાર કર્યો હોત તો એના જીવનમાં આટલો આઘાત લાગ્યો ન હોત. ધીરે ધીરે એ વ્યક્તિ વિચારશે કે શું પ્રિયજન એ જ એના સુખનું કારણ હતા કે પછી પોતાની પ્રિયજન સાથે બંધાયેલી મમતાને કારણે એને આ દુ:ખ કે આઘાત લાગે છે? મમત્વ ભાવ જ વેદનાનો જનક છે. એ વિચારશે કે પ્રિયજન પાસેથી મને સુખ મળ્યું હતું, સંવેદના મળી હતી, પરંતુ એ મમત્વથી મળેલું સુખ હતું. એકવાર એવો ખ્યાલ આવે કે પ્રિયજનની વિદાયથી જે દુ:ખ થયું તેનો સર્જક બીજો કોઈ નહીં, પણ એ સ્વયં છે, ત્યારે વ્યક્તિની અંગત આઘાત પ્રત્યેની દૃષ્ટિ બદલાઈ જશે.

અગાઉ એ લમણે હાથ મૂકી ભાગ્યને દોષ દેતો હતો, એને બદલે એ ભીતર વિચાર કરશે અને ઊંડે ઊતરતાં એને એમ લાગશે કે બહારની ઘટનાઓથી કે બહારની બાબતોથી દુ:ખ આવતું નથી. દુ:ખ તો એ સ્વયં સર્જે છે. પોતાના મમત્વ અને મોહને પરિણામે સર્જાયેલું આ દુ:ખ છે. ધીરે ધીરે પ્રિયજન પ્રત્યેનો પ્રેમ અક્ષુણ્ણ રહીને એની સ્મૃતિનું સ્મરણ કરશે. એ સ્મૃતિ એને માટે શોકનું કારણ નહીં બને, પરંતુ એ સ્મૃતિ એના પ્રગાઢ સ્નેહનું નિમિત્ત બનશે. એનો મમત્વ ભાવ ઓગળતો જશે અને જે આઘાતને કારણ એ ઊંડા શોકમાં ડૂબી ગયો હતો, એમાંથી એ બહાર આવશે. આથી વ્યક્તિના જીવનમાં સુખ અને દુ:ખ પ્રત્યેની દૃષ્ટિ નિર્ણાયક બને છે.

આમેય જીવનમાં નિર્ણાયક બાબત તો અભિગમ છે. કેટલીક વ્યક્તિઓ જીવનમાં સતત ફરિયાદથી જીવતી હોય છે અને કેટલીક ધન્યવાદથી જીવતી હોય છે. કેટલીક વ્યક્તિઓ જીવનમાં જે પામ્યા તેને માટે પરમાત્મા પ્રત્યે સતત કૃતજ્ઞતાનો ભાવ અનુભવે છે અને કેટલીક વ્યક્તિઓ જીવનમાં પ્રયત્ન કરવા છતાં કશું પામ્યા નથી એની સતત ફરિયાદ કરતાં ઉદાસ રહે છે. તેઓ સ્થિતિસ્થાપક બનીને જીવન વ્યતીત કરે છે અથવા તો આસપાસની દુનિયા તરફ કટુતા દાખવીને પોતાનો કશું ન કરવાનો કક્કો ખરો કરતી હોય છે!

જીવનના માર્ગમાં મુશ્કેલીઓ તો આવે છે, પરંતુ જે એ મુશ્કેલીને જોઈને હાથપગ વાળીને બેસી રહેશે એ એને ઓળંગી શકતો નથી. એને ઓળંગનારાઓ પાસે તો એને પાર કરવાનો ઉત્સાહ અને ઉલ્લાસ હોવો જોઈએ. કોઈ કાર્યમાં સફળ ન થવું એ નિષ્ફળતા નથી, પરંતુ સફળતા માટે પ્રયત્ન ન કરવો એ નિષ્ફળતા છે. જે આપત્તિથી ડરતો નથી એનાથી આપત્તિ સદાય અળગી રહે છે.

જો મનને એકવાર દુ:ખનાં 'ગાણાં' ગાવા ગમી ગયાં, તો મન અને માનવી બંને એનાથી ઘેરાઈ જાય છે. દુ:ખનાં બહાનાં કાઢીને વ્યક્તિ ક્યારેક કર્મ અને ધર્મથી ભાગવાનો આશરો લે છે. દુ:ખને સર્જનારા આપણે છીએ, પરંતુ આપણી જાતને દોષ દેવાને બદલે આપણે માતા, પિતા, પત્ની, મિત્રો, સંજોગો, સમાજ, દેશ કે પરિસ્થિતિને દુ:ખનું કારણ માનીએ છીએ. આના જેવી બીજી વંચના કઈ હશે? કેટલી મોટી છેતરપિંડી કરીએ છીએ જાત સાથે.

વિખ્યાત તત્ત્વચિંતક બટ્રાન્ડ રસેલે એમના પુસ્તક 'ક્વોન્કવેસ્ટ ઑફ હૅપિનેસ'માં કહ્યું છે કે માનવ-દુ:ખનું મુખ્ય કારણ તો એ માત્ર પોતાનામાં અને પોતાના સાંકડા વર્તુળમાં જીવનરસને કેન્દ્રિત કરે છે તે છે. વ્યક્તિ સ્વાર્થને કારણે કેટલો બધો દુ:ખી થતી હોય છે! એના રાગ અને દ્વેષને કારણે કેટલો બધી વ્યથિત બનતી હોય છે! જીવનને વ્યાપક દૃષ્ટિએ એ જોઈ શકતી નથી અને વર્તમાનની ઘટનાને જ સમગ્ર જીવન માની બેસે છે. આ ક્ષણે દુ:ખ આવે એટલે સમગ્ર જીવનમાં દુ:ખ છે એમ ધારીને જીવે છે.

# શ્રદ્ધાંજલિ



: જન્મ :

તા. ૧૫-૧૨-૧૯૪૬

: અરિહંતશરણ :

તા. ૨૪-૧૦-૨૦૧૫

## સ્વ. શ્રી પ્રમોદભાઈ ચુનીલાલ મહેતા

મૂળ વતન : જૂનાગઢ

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા સુગંધ જેની ચૌ-તરફ મુક્તા ગયા.''
સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડયું નહીં જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં
''સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે, વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.''
અમારા સુખ-દુઃખની પ્રત્યેક પળોમાં પ્રેરણા અને આશીર્વાદ વરસતાં રહે
અને પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના...!!

## શ્રીમતી હર્ષદાબહેન પ્રમોદભાઇ મહેતા

**પુત્ર :** ધવલ **પુત્રવધૂ :** ઋતુ **પુત્રી :** પીનાલી, ભાવીશા **જમાઇ :** મયુર, હાર્દિક
**દોહિત્ર-દોહિત્રી :** વિવાન, રિશાન, વિયાના
ભાઇઓ : સ્વ. જયસુખભાઇ, સ્વ. નવીનચંદ્રભાઇ **ભાભી :** સ્વ. પુષ્પાબહેન, ગં. સ્વ. ઉર્મિલાબહેન
બહેન : સ્વ. ભાનુબહેન, અ.સૌ. સરલાબહેન બનેવી : સ્વ. હિંમતભાઇ, ચંદુલાલભાઇ
સ્વ. વ્રજકુંવરબહેન ચુનીલાલ મહેતા પરિવાર સ્વ. રસિકલાલ ગોકળદાસ સંઘવી પરિવાર
ધવલ પ્રમોદભાઇ મહેતા
બી - ૭૦૨, રાજશ્રી રોયલ એપાર્ટમેન્ટ, કરાણી લેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૨૦૫૦૪

KAYAMI / OCTOBER

વ્યક્તિ વાસ્તવિક મૃત્યુ પામે તે પહેલાં વારંવાર મૃત્યુભયથી મરતી હોય છે, જ્યારે દુઃખની બાબતમાં એવી વિપરીત પરિસ્થિતિ છે કે એક દુઃખ આવે એટલે એ બીજાં દુઃખોની પરંપરા સર્જતી હોય છે. આવેલાં દુઃખોની સામે મૂઢ અને લાચાર બનીને બીજા દુઃખો નોતરે છે. ટૂંકી દૃષ્ટિ, તાત્કાલિક લાભની ઈચ્છા, સંકુચિત અભિગમ-આ બધી બાબતો દુઃખનું નિમિત્ત બને છે.

સમાજ પણ દુઃખસર્જક હોય છે. સામાજિક રીત-રિવાજો વ્યક્તિને ઉપકારક બનવાને બદલે અવરોધક અને જીવનને રૂંધનારા અને દુઃખનું કારણ બન્યા છે. આવે સમયે દુઃખના સ્વરૂપને ઓળખીએ, તો જ એને નિર્મૂળ કરી શકીએ.

દુઃખની અવગણના કરવી કે દુઃખમાં ડૂબી જવું કે પછી દુઃખહર ઈશ્વરને પ્રાર્થના કરવી એ પૂરતું નથી. સૌપ્રથમ તો દુઃખને સમજવાનું જરૂરી બને છે. દુઃખ અચળ સિદ્ધાંતરૂપે કે અપરિમિત સત્તારૂપે દૃષ્ટિગોચર થાય છે, પણ જો એના હાર્દને પામીએ તો ખ્યાલ આવશે કે મનુષ્ય જીવનના સર્વાંગી અનુભવના એક ભાગ રૂપે દુઃખ છે અને એ દુઃખ માનવીને માટે શિક્ષક બની રહેશે. વળી, દુઃખને સાચી રીતે પારખ્યા પછી આપણે મક્કમતાથી આપણું ભાગ્ય ઘડી શકીશું. આપણે જ આપણા ભાગ્યના વિધાતા બની શકીશું, કારણકે દુઃખની કસોટીમાંથી પસાર થયા સિવાય ચિર સુખ કે શાંતિ મળી શકે નહીં. દુઃખની ચિકિત્સાની સાથોસાથ એને વિશેનો અભિગમ પણ મહત્ત્વનો બને છે. એક યુવાનને હૉસ્પિટલમાં દાખલ થતાં ઠોકર વાગી. અંગૂઠામાંથી લોહી વહેવા માંડ્યું. અંગૂઠાનો નખ ઊખડી ગયો. યુવાને માંડ-માંડ પાટો બાંધ્યો, પણ મનોમન ઈશ્વર તરફ ગુસ્સે થયો. એને થયું કે આ પરમાત્મા પણ કેવો? પોતે અન્યના દુઃખની ખબર લેવા આવ્યો અને પોતાને જ દુઃખી બનાવી દીધો. હવે કેટલી મુશ્કેલી પડશે? યુવકે વિચાર્યું કે આ ઈશ્વર કશું સમજતો લાગતો નથી! અન્ય પ્રત્યે સહાનુભૂતિ દાખવનારને પણ અહીં સહન કરવું પડે છે.

આમ, મનોમન પરમાત્માની નિંદા કરતો યુવક લિફ્ટમાં બેઠો. લિફ્ટમાં જોયું તો વ્હીલચૅર પર એક માણસ બેઠો હતો. એના બંને પગ કપાઈ ગયા હતા, તેમ છતાં એના ચહેરા પર હાસ્ય હતું. મસ્તીથી કોઈ ગીત ગણગણી રહ્યો હતો.

પેલા યુવકને આશ્ચર્ય થયું. એણે વ્હીલચૅરમાં બેઠેલા માનવીને પૂછ્યું, ''અરે દોસ્ત! મને હમણાં જ ઠોકર લાગી અને મારું મન ઈશ્વર પ્રત્યે ક્રોધથી ભરાઈ ગયું, પણ તું કોઈ અજબ છે. તારા બંને પગ કપાઈ ગયા છે, તેમ છતાં તું હસતો હસતો ગીત ગાય છે?''

પેલા અપંગ માનવીએ કહ્યું, ''અરે, હું તો ઈશ્વરનો આભાર માનું છું. હજી મારા બાવડામાં પૂરી તાકાત છે. મેં તો એવા માણસો જોયા છે કે જેના બંને હાથ અને બંને પગ કપાઈ ગયા હોય, પગ કપાઈ ગયા તેથી શું? બંને હાથ બાકી છે. મારા પગ છીનવાઈ ગયા એ માટે ઈશ્વર પર ક્રોધ કરું કે એણે આટલું બધું આપ્યું છે, તેમાં તેની કૃપા જોઉં? આટલું બધું આપવા માટે પરમેશ્વરને પરમ ઉપકારી માનું છું.''

માનવીએ નક્કી કરવું જોઈએ કે એ ફરિયાદથી જીવવા માગે છે કે ધન્યવાદથી? ફરિયાદ કરનારો માનવી બરબાદીને બોલાવે છે. આભાર માનનારો માનવી આબાદીને આમંત્રે છે. ફરિયાદ કરનારો એના મનમાં નિરાશાને પોષે છે. ધીરે ધીરે એ ઉદાસ બનતો જાય છે. આપોઆપ જ બધાં કામોમાં અને અંતે જીવનમાં પોતાને નાસીપાસ માનશે, જ્યારે બીજી બાજુ ઈશ્વરનો આભાર માનનારો એના જીવનના જોશને ટકાવી રાખશે. મનના ઉલ્લાસથી મુશ્કેલીઓ ઓળંગાતી જશે અને ફરી એ આશાભર્યું નવું કદમ માંડશે. સૂફી સંત બાયજીદને એકવાર પથ્થર વાગ્યો, ત્યારે પગને હાથ લગાડવાને બદલે બે હાથ જોડી આકાશ તરફ માથું રાખીને ઈશ્વરનો અહેસાન માનવા લાગ્યા. એમના સાથીઓએ કહ્યું કે પગમાંથી લોહી વહે જાય છે અને તમે ક્યાં પ્રાર્થનામાં બેઠા? ત્યારે સંત બાયજીદે કહ્યું કે હું ઈશ્વરનો આભાર માનતો હતો કે વધારે આફતમાંથી એણે ઉગારી લીધો. શૂળીનો ઘા સોયથી ગયો. આમ ખરો તફાવત દૃષ્ટિનો છે.

**ચિંતન**

આત્મામાં રાગદ્વેષના ભાવો જાગે ત્યારે એક પ્રકારનું સ્પંદન પેદા થાય છે. તે સ્પંદનના કારણે આપણી આસપાસ પડેલા કર્મ-પરમાણુઓ પણ આંદોલિત થાય છે

**- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

# શ્રદ્ધાસુમન



: જન્મ :

તા. ૧૫-૦૭-૧૯૨૯

: અરિહંતશરણ :

તા. ૨૩-૧૦-૨૦૧૬

## સ્વ. જમનાદાસ મોતીચંદ મહેતા

મૂળ વતન : જૂનાગઢ   હાલ : વડાલા - મુંબઇ

સ્મિતથી આવકારતા રહ્યા, સૌના હૃદયમાં વસતા રહ્યા
ધર્મ કદી ચૂક્યાં નહીં, વ્યવહાર કદી ભૂલ્યાં નહીં,
તનથી ભલે દૂર થયા, મનથી કદી વિસર્યા નહીં,
''નિ:સ્વાર્થભર્યુ પ્રેમાળ જીવન જીવનારા અમારા પ્રેરણાદાતા,
આપના કર્મનિષ્ઠ પુણ્ય આત્માને **કોટિ કોટિ વંદન**

**લિ. આપનો પરિવાર....**

ધર્મપત્ની : મધુવંતી જમનાદાસ મહેતા
પુત્રી : જાગૃતિ હેમેન્દ્ર શાહ, કામિની જયેશ વોરા, અમિતા દિવ્યેશ દોશી,
સુજાતા જમનાદાસ મહેતા, દોહિત્રી : રાજ વોરા
દોહિત્રી : હિરલ-તેજલ, કિંજલ-રાજવી, દિવામી-જહાન્વી
તેમ જ

## શ્રી મોતીચંદ કાળીદાસ મહેતા પરિવાર

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે અનાજ વિતરણ યોજનાના દાતાઓ


શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા


શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા


શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ


શ્રીમતી વિમળાબેન કાંતિલાલ શાહ


શ્રી ઝવેરચંદ ભુરાભાઈ ભીમાણી


શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ


શ્રીમતી હંસાબેન ઉમેદચંદ શાહ


શ્રી સાકરચંદ વેલજી વસા


શ્રીમતી ઉજમબેન સાકરચંદ વસા


શ્રી ફુલચંદ લીલાધર વોરા


શ્રી પ્રાણલાલ ફુલચંદ વોરા


શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા


શ્રીમતી કાન્તાબેન મનસુખલાલ વોરા


શ્રી શાંતિલાલ કાલીદાસ શેઠ


શ્રીમતી જશવંતીબેન શાંતિલાલ શેઠ


શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ


શ્રીમતી દયાબેન ચંદુલાલ શાહ


શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી


શ્રીમતી કસુંબાબેન હરિલાલ ભીમાણી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે અનાજ વિતરણ યોજનાના દાતાઓ


શ્રી મણીલાલ પાનાચંદ વસા


શ્રીમતી પ્રભાકુંવર મણીલાલ વસા


શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા


શ્રીમતી અચરતબેન નંદલાલ વોરા


શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા


શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા


શ્રી ગીરધરલાલ લવચંદ વસા


શ્રીમતી ગજરાબેન ગીરધરલાલ વસા


શ્રી અમૃતલાલ રામજી શાહ


શ્રીમતી જેકુંવરબેન અમૃતલાલ શાહ


શ્રી જીવણલાલ વીરચંદ મહેતા


શ્રીમતી જયાબેન જીવણલાલ મહેતા


શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા


શ્રીમતી દિવાળીબેન નરોત્તમદાસ વોરા


શ્રી તારાચંદ ધનજી મહેતા


શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે અનાજ વિતરણ યોજનાના સહાયક દાતાઓ


શ્રી તારાચંદ ધનજી મહેતા


શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા


શ્રી નવિનચંદ્ર ઈશ્વરલાલ શેઠ


શ્રી ચંદ્રકાન્ત ચાલચંદ પારેખ


શ્રીમતી હંસાબેન ચંદ્રકાન્ત પારેખ


શ્રી સુરેશભાઈ ગીરધરલાલ મોળકીયા


શ્રી ચન્દ્રકાન્ત વલ્લભદાસ સંઘવી


શ્રીમતી શારદાબેન ચંદ્રકાન્ત સંઘવી


શ્રી ચંદ્રકાન્ત નરોત્તમદાસ વોરા


શ્રીમતી મધુબેન ચંદ્રકાન્ત વોરા


શ્રી વ્રજલાલ જગજીવનદાસ વોરા


શ્રીમતી વિજયાબેન વ્રજલાલ વોરા


શ્રી વિનોદભાઈ શામજી શાહ


શ્રીમતી વિલાસબેન વિનોદભાઈ શાહ


શ્રીમતી જશવંતીબેન હસમુખ સંઘવી


શ્રી વિનોદ ભગવાનજી મહેતા


શ્રીમતી નયનાબેન વિનોદ મહેતા


શ્રીમતી ચંદ્રાબેન પ્રવિણચંદ્ર વસા


શ્રી નટવરલાલ મોહનલાલ શાહ


શ્રીમતી લલીતાબેન નટવરલાલ શાહ

# શ્રી સોરઠ વિસા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## રાહત દરે અનાજ વિતરણ યોજનાના સહાયક દાતાઓ


શ્રી ચંપકભાઈ બાબુલાલ શાહ


શ્રી જસવંતભાઈ બાબુલાલ શાહ


શ્રી કમલેશભાઈ બાબુલાલ શાહ


શ્રી કાકુલાલ છગનલાલ મહેતા


શ્રીમતી લવંગિકાબેન કાકુલાલ મહેતા


શ્રીમતી સુધાબેન પ્રતાપ વસા


શ્રી કીશોરકુમાર દેવકરણ શાહ


શ્રી પ્રાણલાલ કપુરચંદ દોશી


શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી


શ્રી પ્રફૂલચંદ્ર અનુપચંદ ધોળકિયા

દિવાળી એટલે પ્રકાશનું પર્વ દીપ પ્રજ્વલિત કરી અંધકારને દૂર કરવાનો ઉત્સવ  આ શુભ દિવસે અનંત કરૂણાના સાગર અહિંસાના અવતાર વિશ્વમૈત્રીના અજોડ પુરસ્કર્તા અનેકાંતવાદ અને અપરિગ્રહ વાદના ઊદગ્રસ્તા ચરમતીર્થયતિ ભગવાન મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકનું પવિત્ર પર્વ એટલે દીવાળીનો મંગલદિન. આ દીવાળી પર્વ ૨૫૪૨ વર્ષ પૂર્વ પાવાપુરી નગર (બિહાર)માં સોળ પ્રહરની ધર્મ દેશના આપતા આપતા ભગવાન મહાવીર પ્રભુ નિર્વાણ પામી મોક્ષે પધાર્યા હતા. આથી પ્રત્યેક જૈન માટે દીવાળી પર્વ આનંદ પ્રમોદનો અને આત્મસાધનાનું અનુપમ પર્વ છે.

દીપોતસ્વી પર્વ પાંચ દિવસોમાં વહેંચાયેલું છે. ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ આસો વદ તેરસને 'ધનતેરસ' કહેવામાં આવે છે. આ દિવસે લક્ષ્મીજીનું પૂજન અર્ચન થાય છે. ધન-સંપત્તિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને સ્થિરતા વિશે શાસ્ત્ર કહે છે. શ્રીમંગલાત્ પ્રભવિત, પ્રાગલ્ભ્યાત્ સંપ્રવર્ધતે। દાક્ષ્યાત્તુ કુરુતે મૂલ સંયમાત્ પ્રતિષ્ઠતિ।। એટલે કે લક્ષ્મી માંગલ્યમાંથી ઉદ્દભવે છે, ચાતુર્યથી વધે છે, નિપુણતાથી જડ બાંધે છે અને સંયમથી કાયમ વસે છે.' ધનતેરસના દિવસે જ દેવો અને દાનવો દ્વારા સમુદ્રમંથન કરાયું હતું અને ભગવાન ધન્વંતરિનો પ્રાદુર્ભાવ થયો હતો એટલે આદિવસને ધન્વતરિ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. ધન્વતરિએ આરોગ્યના શાસ્ત્ર આયુર્વેદની ઉત્પતિ કરી હતી. લક્ષ્મીજી પણ સમુદ્રમંથન વખતે પ્રકટ થયા હતાં.

એના પછીનો દિવસ કાળી ચૌદસ, નરક ચૌદસ કે રૂપ ચૌદસ તરીકે ઉજવાય છે. રાક્ષસોનો વધ કરી કોપાયમાન કાલી અન્ય લોકોનો પણ વધ કરવા લાગ્યા ત્યારે ભગવાન શંકરે એમના ક્રોધનું શમન કરી આખા જગતને પ્રસન્નતા પ્રદાન કરી તેની ઉજવણી રૂપે કાળી ચૌદસના દિવસે મહાકાળીની પૂજા કરવામાં આવે છે. કાળી ચૌદસના દિવસે ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરી એના કારાગારમાં પૂરી દેવાયેલી સોળ હજાર કન્યાઓને મુક્ત કરી હતી  એટલે આ દિવસને 'નરક ચતુર્દશી' પણ કહેવાય છે.

ભગવાન શ્રીરામે વિજયા દશમીના દિવસે રાવણને મારી અશુભ આસુરી તત્ત્વ પર વિજય મેળવ્યા પછી સીતા સાથે અયોધ્યા પાછા ફર્યા ત્યારે અયોધ્યાવાસીઓએ એમના ભવ્ય સ્વાગત-સત્કાર માટે એમના ઘરોની સાજ-સજાવટ કરી રાત્રિના સમયે દીપમાળાઓ પ્રકટાવી હતી. એ દિવાળીનો જ દિવસ હતો ત્યારથી દીપોત્સવીનું પર્વ દીવાઓ પ્રકટાવી ઉજવવાનું શરૂ થયું. કારતક સુદ એકમ - પ્રતિપદાનો દિવસ. નૂતન વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવાનો ઉત્સવ છે. આ દિવસે ગોવર્ધન-ગાયોરૂપી પૂજા કરાય છે. ગોવર્ધન ગાયોનું વર્ધન અને દેહની ઈન્દ્રિયોના સ્વામી છે. એટલે ઈન્દ્રિયોથી ઈન્દ્રિયના સ્વામીની સેવા કરી, ભક્તિ હૃષીકેણ હૃષીકેશ સેવનં ભક્તિ:) કરી એમની કૃપાથી આખું વર્ષ સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાની ભાવના છે. રાજા વિક્રમાદિત્ય કાર્તિક સુદ એકમના દિવસે સિંહાસન પર બેઠા હતા એનો ઉત્સવ આ દિવસે મનાવવામાં આવ્યો હતો. વિક્રમ સંવતની શરૂઆત આ દિવસથી જ થાય છે.

ભાઈબીજનું પર્વ કાર્તિક સુદ ૨ના દિવસે ઉજવાય છે. આ દિવસે યમરાજા એમની બહેન યમુનાને ઘેર ભોજન આરોગવા ગયા હતા. ત્યારથી આ દિવસે ભાઈ બહેનના ઘેર ભોજન લેવા જાય એવી પ્રથા શરૂ થઈ છે. આ દિવસને 'યમ દ્વિતીયા' પણ કહેવાય છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે ભાઈ અને બહેન એક સાથે યમુનામાં સ્નાન કરે તો તે બન્ને યમયાતનાથી બચી જાય છે. આમ, દીપોત્સવી અને નૂતન વર્ષ શરીર-મન-અંતઃકરણની શુદ્ધિ કરી શક્તિ-ભક્તિ, સંપત્તિ-સૌભાગ્ય, સુખ-શાંતિ અને શુભ લાભની પ્રાપ્તિ કરાવનારું દિવ્ય અને મંગલકારી પર્વ છે.

**- દેવેશ મહેતા**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના

### ઓક્ટોબર ૨૦૨૧ માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શ્રી નરોત્તમદાસ જીવણભાઈ વોરા
પરિવારના સૌજન્યથી



સ્વ. શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા



સ્વ. શ્રીમતી દિવાળીબેન નરોત્તમદાસ વોરા

### નવેમ્બર ૨૦૨૧ માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા
પરિવારના સૌજન્યથી



સ્વ. શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા



સ્વ. શ્રીમતી સમરતબેન તારાચંદ મહેતા

# ADORN YOURSELF FOR THE BIGGEST DAY OF YOUR LIFE

KIRTI DIAM
THE DIAMOND JEWELLER




**GOVT. APPROVED VALUERS**

MAYUR MEHTA | 98200 56226 | mayur@kirtidiam.com
**MEHEK MAYUR MEHTA | 99304 62343**
**FOR APPOINTMENTS CALL : +91 22 2102 7083 / 5924 • +91 91363 46666 / 26666**
7/8/9, Shankar Nagar, Vallabh Baug Lane, Tilak Road Corner, Ghatkopar (E), Mumbai - 400077
info@kirtidiam.com | kirtidiamindia@gmail.com | W: www.kirtidiam.com

# સપ્તમી પુણ્યતિથીએ સ્મરણાંજલિ



૨૦.૧૦.૧૯૩૩ ૧૪.૧૦.૨૦૧૪

## સ્વ. તારાબેન રમણીકલાલ વસા

*આપનો પ્રેમાળ, નિખાલસ, મિલનસાર સ્વભાવ, ઉદાર ભાવના, પરોપકારી વૃત્તિ, કુટુંબ પ્રત્યેની અનોખી નિષ્ઠા, ધર્મપ્રેમભરી જીવનશૈલી સદૈવ અમારા હૈયામાં રહેશે. પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.*

રમણીકલાલ ઝવેરચંદ વસા
જયેશ - સોનલ, કમલેશ - પ્રીતિ, સુનીલ - શ્વેતા
રૂપા - નરેશકુમાર મકાણી,
રચના-હિમાંશુ મોદી, બીજલ-ભાવેશ કક્કા, માનસી,
સીલ્કી, નીલ, ભવ્ય, આશના, દિયા, પહેલ, અનીષ્કા

**Wishing You All**
**Happy Diwali & Prosperous New Year**



**Abid**
**99708 05955**

**Munnabhai**
**94032 20131**

# Jay Ambe Electrical

: Specialist In :

**FAN, A/C, MOTOR REWINDING & REPAIRS,**
**PANEL BOARD SERVICE & REPAIRING, ALL ELECTRICAL**
**EQUIPMENTS REPAIRS & MAINTENANCE WORK**

Shivaji Nagar, Salvad, Tal. Palghat, Dist. Palghar.

**Wishing You All**
**Happy Diwali & Prosperous New Year**



**Ramji Yadav : 9371711248**

# J.D. Mechanical Works

Specialist in : Fabrication & Erection of
Structures, Pipe Line, Machinery Erection
& Maintenance.

Chandrakala Anant Raut Road, Shivaji Nagar,
Salwad, Post - TAPS,
Boisar, Tal. Palghar, Dist. Thane - 401 504.

# BIO DATA



## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Name | : | Shailendra Mehta |
| Date of Birth | : | 22nd July 1978 |
| Time of Birth | : | 4:55 AM |
| Place of Birth | : | Ranpur (Zalawad - Gujarat) |
| Height | : | 5 feet 9 inches |
| Education | : | MBA |
| Caste | : | Sorath Visashrimali Deravasi Jain |
| Profession | : | Working with Private Bank |
| About Myself | : | I am 43 years old, divorced and father of a 12 year old daughter having her permanent custody, working in treasury of a private bank. Passionate about my work; love to spend time with my family. When free, I love to go for evening walks, listen to music and catch-up with family and friends. Travel enthusiast. Jain foodie, non-smoker and non-drinker. Firm believer of karma. |
| Expectation | : | Looking for a soul mate who is understanding, caring, responsible and down to earth, lives and enjoys every moment of life, should have a strong inclination for values & morals and respects elders. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father Name | : | Champaklal Harilal Mehta - 9819813123 |
| Mother Name | : | Maltiben Mehta - 9969491185 |
| Mosal | : | Late Dhirajlal Popatlal Doshi - Ranpur |
| Siblings | : | 3 Sisters- Married |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Email | : | mehtasc@gmail.com |
| Address | : | B-101, Pluto Apartment, Behind Ram Mandir,<br>SVP Road, Borivali (W). Mumbai. |




Tiptop® POINT
Jewellery # Accessories

136, V.P.Road, Sikka Nagar, CHARNI ROAD (E),Mumbai – 400 004.
Tel: +91 22 23810555 / 666.
8, Satra Park, Shimpoli Road, BORIVALI (W), Mumbai – 400 092.
Tel: +91 22 28335151 / 56.



Name : Jil Samir Odhavani

Birth Date : 22nd April 1995

Birth Time : 1:00 pm

Birth Place : Borivali West (Mumbai)

Height : 5'6"

Qualification : B. Com, Master in Commerce (M.com)

Work : Chief Accountant and Custom Clearance Manager at West India New Sailing Service (WINSS)

Hobbies : Music, Movies, Reading

Caste : Sorath Visa Shri Mali Jain

Native Place : Majevdi (Junagadh)



# BIO DATA

Father : Samir Nagardas Odhavani (Mehta)
Jash Enterprises
Auto looms parts, hardware, bearing, nuts bolts retail shop
(9422662670 / 7507998862)

Mother : Harsha Samir Odhavani
Housewife
(9423988893 / 9834980083)

Grandfather : Late Shri Nagardas Amrutlal Odhavani

Grandmother : Late Shri Leelavanti Nagardas Odhavani

Paternal : Nitin Nagardas Odhavani - Papaji (Borivali) 9324692095
: Ashaben Kiritbhai Vora - Faibaa Ahmedabad (Dhoraji) 9725992244

Maternal : Dilip Mansukhlal Parekh - Mamma Delhi (Akola) 9312224712
Rohit Mansukhlal Parekh - Mamma Delhi (Akola) 9810014303
Neelam Ashok Bhanasali - Masi (Borivali) 9930416476

Address : 061, 6th Floor, Apurva Building, Tata Housing, Amantra Near Kalyan Bhiwandi bypass Bhiwandi (Thane)

Location Preference : Mumbai and Near by Area

**Wishing You All**

**Happy Diwali &**

**Prosperous**

**New Year**



**Ajay Vashi - 9226265864**

**Rajesh Vashi - 9273470828**

# SHIV SHAKTI

## ENGINEERING

Repair of All type of pipe line valves & Engineering Job Works.

Bright Complex, Awadh Nagar, Opp. Chetna Hotel, Navapur Road,
Boisar (W), Tal. & Dist. Palghar, Pin - 401 501

*With Best Compliments From*



Sandeep A. Raut C.E.O.
Mob.: +91-9823419995

Siddhaved S. Raut B.Tech. (Mech.)
Mob.: 8788762064

# RAUT ENGINEERING WORKS

## ISO 9001 : 2015 Certified Company

**SPECIALIST IN :**

- Spray Metalizing
- Manufacturing Machines & Machinery Spaces
- Fabrication & Erection of Equipments & Piping
- Dished ends, Plate Bending & Engineering Job Work

Mfg. of Wire Drawing Machines
Mfg. of Agitator Assembly
Mfg. of Wire Drawing Drums
Fabrication of Iron Sleeve

Mob : **9371720953 / 9923719468**
E-mail : **rautenggworks@yahoo.co.in**
Web : **www.rautengineeringworks. com**

Office & Factory
Shivaji Nagar, Salwad,
Near Sai Mandir, Boisar - 401 504

*Wishing You All Happy*
*Diwali & Prosperous New Year*



**R. R. Shukla**

Tel.: **88068 32725**

# M/s. MUKTA TRADING CO.

**Authorised Dealers of : PIX V Belt.**

**Stockist of : All Types of Electrical Goods, Grease,**

**All Types of Bearing & Hardware Materials. S. S.,**

**M. S., G. I. Pipe & Fitting**

Shop No. 4, Barve Shopping Centre, Navapur Road,
Boisar, Dist. Palghar. Pin - 401 501
Tel.: 81490 42999

May your life be filled with
colours & lights of happiness today & forever!

Happy Diwali & Prosperous New Year!




Sofa | Curtains | Window Blinds | Mattress | Wallpaper | Furniture

Shop no. 3, Jalaram Nagar 3, Vallabhbaug Lane (Khau Gali), Ghatkopar East
9820692266 / 7666027677 | www.hnofurnishing.com
hnofashion1@gmail.com

**Viral Shah** 98336 66155

**Rajesh Shah** 98211 68973

**Jimit Shah** 98335 55133













DIAMOND HOSPITALITY™

Catering • Decor • Banquets

**DIAMOND HOSPITALITY**

808, Filix Tower, Above Asian Banquets,
Opp. Asian Paints, LBS Road,
Bhandup (West), Mumbai - 400078.

022-2595 5555

info@diamondhospitality.in

www.diamondhospitality.in

/diamondhospitalityindia



હે પ્રભુ ! હું જીવું ત્યાં સુધી
મને કામ આપ અને મારું કાર્ય
પુરું થાય ત્યાં સુધી જીવન..
.... વિન્ક્રિો હોલ્ટમી

શ્રી નિતીનભાઈ જે. વોરા
આશ્રયદાતા ટ્રસ્ટી,
શેઠ દેવકરણ મુલજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી
જૈન બોર્ડીંગ ટ્રસ્ટ - રાજકોટ

સેવા કાર્ય માટે સદા તત્પર

With Best
Compliments From

Smt. Neepa N. Vora
Kumar Sachet N. Vora

N. J. Pharma

Dealers & Importers of
Pharmaceuticals & Chemicals

104, Rajasthan Technical Center,
Patanwala Industrial Estate,
L. B. S. Marg, Opp. Shreyas Cinema,
Ghatkopar (W), Mumbai - 400 086.
Te.: 022-67704881 Telefax : 2500 0559
Mob.: 9821070559
Email .: nitin.njpharma@gmail.com



INVENTURE
GROWTH & SECURITIES LTD.
Enhancing Fortunes. Enriching Lives.

START YOUR INVESTMENT JOURNEY WITH INVENTURE

IGSL ELITE
INVESTMENTS THROUGH EXPERTS

OPEN YOUR FREE TRADING & DEMAT ACCOUNT



MORE THEN 400 BUSINESS ASSOCIATES

GROW WITH INVENTURE GROWTH

OUR SERVICES

Equity Derivatives Commodities Currency Depository
IPOs Distributions Insurance Wealth Management
Research NBFC Merchant Banking MTF

DOWNLOAD NOW IGSL TRADE

CORPORATE OFFICE:
201, Viraj Tower, Nr. Landmark Bldg.,
W.E. Highway, Andheri (E),
Mumbai- 400069,
Maharashtra, India.

CALL: 022 71148555 / 666
EMAIL: crm@inventuregrowth.com
WEBSITE: www.inventuregrowth.com

# તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના



કૈલાસ અશ્વિન શાહ
સિદ્ધી તપ (ઉંમર ૬૫)



અ. સૌ. નેહલ નિમેષ દોશીએ
મૃત્યુંજય તપ (માસક્ષમણની) તપસ્યા
કરેલી છે.



પ્રશાંત અશ્વિન શાહ
સિદ્ધી તપ (ઉંમર ૩૭)



મમતા પ્રશાંત શાહ
સિદ્ધી તપ (ઉંમર ૩૬)



મોક્ષ પ્રશાંત શાહ
અઠ્ઠાઈ તપ (ઉંમર ૭)



અ. સૌ. બન્સરી મેહુલભાઈ શેઠ ની
સુપુત્રી ચિ. તરલ એ અઠ્ઠાઈ તપની
આરાધના કરેલ છે



પારસ નિમેષ દોશી (ઉંમર વર્ષ ૧૭)
એ અઠ્ઠાઈ
તપની તપસ્યા કરેલી છે.



અ. સૌ. સોનલ અને હાર્દિકભાઈના સુપુત્ર
ચિ. ઈશાન હાર્દિક મહેતાએ અઠ્ઠાઈ તપની
આરાધના કરેલ છે.



પાર્થ કેતન મહેતા
અઠ્ઠાઈ તપની આરાધના કરેલ છે

# ACHIEVEMENT



Name : Shalin Himanshu Mehta
Borivali
Native : Vanthli (sorath)
Cleared Company Secretary (CS) Foundation in first Attempt
Rank- All India Rank 3



Name : Nishi Mayur Mehta

PASSED IN SSC 95.40%

# CONGRATULATION



**Yash Sheth**

Contendre Greenergy was recognized as the "Top Renewable Energy Startup for 2021" by Industry Outlook Magazine. The company was founded by Yash Sheth (Managing Director) with a vision to provide non-polluting renewable energy to everyone and is one of the foremost providers of solar installation services and solar modules. Contendre provides quality and customized product, on-time delivery and after sales service at competitive prices. Yash received award for this achievment.

# સોરઠ સંજીવની

૧) તાજા આમળાના રસમાં કેરીની ગોટલી વાટીને એ મિશ્રણ વાળમાં પેથી એ પેથી એ ઘસતા રહેવું. રાતે સૂતી વેળા આ પ્રયોગ નિયમિત કરવાથી વાળ સંબંધી તમામ સમસ્યા જેવી કે વાળ ખરવા. વાળ સફેદ થવા, વાળ બરછટ થવા, વાળ તૂટવા, વાળમાં જૂ-લીખી થવી વગેરે દૂર થાય છે.

૨) ગરમ પાણીમાં આમળાનું ચૂર્ણ નાંખી ઉકાળીને એ પાણીથી વાળ ધોવામાં આવે તો વાળ સુંદર-ચમકદાર બને છે.

૩) લીંબુના રસમાં આમળાનું ચૂર્ણ નાંખી ઘૂંટીને આ લેપ વાળમાં લગવાવો. પછી રૂમાલ બાંધી રાતે સૂઈ જવું. સવારે હૂંફાળા પાણીથી વાળ ધોવા. આમ કરવાથી વાળ કાળા થાય છે. ખરતા અટકે છે.

૪) વાળને પોષણ મળી રહે તે માટે આમળા, મેંદી અને શીકાકાઈને સવારે નહાવાના બે કલાક પહેલા લસોટીને પેસ્ટ બનાવીને વાળમાં લાગવી દેવું, પછી રૂમાલ કે સ્કાર્ફ બાંધી દેવો. બે કલાક પછી હૂંફાળા પાણીથી વાળ ધોઈ નાંખવા.

૫) આમળા અને અરીઠાના પાવડરને રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી ઉકાળી, હૂંફાળુ રહે ત્યારે તે પાણીથી વાળ ધોવા. આથી ખોડો મટે છે. વાળ સુંદર ચમકદાર બને છે.

૬) આમળાના ચૂર્ણને લોખંડના વાસણમાં રાતે પલાળી રાખી બીજા દિવસે સવારે તેમાં એક ચમચો દહીં નાંખી માથામાં પેથી-પેથીએ લગાવો. અડધો કલાક રાખી વાળ ધોવાથી તે સુવાળા-ચમકદાર બને છે.

૭) આમળાના રસમાં મુલતાની માટી ભેળવી વાળમાં લગાડી કલાક પછી વાળ ધોઈ નાંખવા. આનાથી વાળ સુંવાળા બને છે.

૮) આમળાના ચૂર્ણને પાણીમાં પલાળી રાતે વાળમાં મૂળ સુધી લગાવવું. સવારે વાળ ધોઈ નાંખવા. વાળ ખરતા અટકે છે. વાળ કાળા થાય છે. મગજ શાંત થાય છે. માથાની ગરમી ઓછી થાય છે. આંખોનું તેજ વધે છે.

૯) વાળ ધોવા હંમેશા આમળા-અરીઠા-શિકાકાઈનો જ ઉપયોગ કરવો.

૧૦) રોજીંદા ખોરાકમાં આમળા, નાળિયેર અને તલનો ખૂબ જ ઉપયોગ કરવો.

૧૧) આમળાનું ચૂર્ણ તથા કાળી મેંદીના ચૂર્ણમાં ચા નો ઘટ્ટ ઉકાળો નાંખો. તેની પેસ્ટ બનાવો. શ્વેત વાળ પર લગાવો. અડધા કલાક પછી વાળ ધોઈ નાંખો. થોડા દિવસ આમ કરવાથી શ્વેત વાળ શ્યામ બનશે.

૧૨) આમળાના ચૂર્ણમાં લીંબુનો રસ તથા ગુલાબજળ મેળવી મીક્ષ કરી વાળમાં લગાવવું. વાળ કાળા અને ચમતકદાર બનશે.

૧૩) સૂકા આમળા, અરીઠાની છાલ, શિકાકાઈ, લીંબુના સૂકા છોતરા, સંતરાના સૂકા છોતરા તથા લીમડાના પાન દરેક સરખા ભાગે લઈ પાવડર બનાવો. ૫૦ ગ્રામ પાવડર લઈ ૫૦૦ મીલીગ્રામ પાણીમાં ઉકાળો. પછી તે ગાળી લો. હંમેશા આ તાજા પાણીથી જ વાળ ધોવા. સાબુની બિલકુલ જરૂર નહી પડે. માથાની ચામડીના રોગ મટે છે. ટૂંકા વાળ લાંબા થાય છે. સુંવાળા-મુલાયમ-ચમકદાર બને છે.

૧૪) જમ્યા પછી એક મહિના સુધી આમળાનું અડધી ચમચી ચૂર્ણ લેવાથી વાળ ખરતા બંધ થાય છે.

**સંકલન-શ્રીમતી હીનાબેન મનહરભાઈ શાહ, થાણા**

### મુખપત્ર ના સરનામાં ફેરફાર

**Jayesh Natwarlal Sheth**
C/511 Sarvoday Nagar CHS.
Datta Mandir Road, Opp. New Classic Hotel,
Malad (E), Mumbai - 400 097.
Contact No - 9870088952

**Ketan Mansukhlal Mehta**
903 Shri Vallabh,
Near D,mart - 150 Feet Road,
Bhayander West, Thane - 401 101.
Mobile : 9819719326

**Vipul Sanghavi**
B-303, Aaradhya One Pestom Sagar Road No-1,
Beside H. P. Petrol Pump, Amar Mahal,
Chembur (West), Mumbai - 400 089.

**Dhirajlal N. Parekh & Sachin D. Parekh**
Flat No. 801, Floor No. 8, Plot No. 719, Borivali
Yashprabha CHS Ltd., Kastur Park, Shimpoli Road,
Opp. Satra Park, Borivali (West), Mumbai 400 092.

*With Best Compliments From*

# Kiran N. Sanghavi
# Maulik K. Sanghavi

## Premier Pro Group
## Premier Radio & Electronics Corp
## Premier Industrial Importers

**Importers & Distributors of Professional Audio & Lighting Products**

**Head Office : 35 Vijay Chambers, Tribhuvandas Road, Opposite Dreammland Cinema, Mumbai 400004, India**

**Branch Office : 315 Neelkanth Corporate Park, Nathani Road, Vidyavihar (West), Mumbai 400086, India**

**02266790001/26/27/28**

**www.premierprogroup.com**

Wishing You All Happy Diwali & Prosperous New Year



# KURLA ENGINEERING & METAL PRINTERS

## Quality Printer of Aluminium & Tin Sheets

Murlimal Shrikrishandas Compound, L.B.S. Marg,
Opp. Bhandup Railway Station, Bhandup (West), Mumbai - 400 078.
Contact No. +91 22 67993011 / +91 22 25953011
Email : info@kemetalprinters.com



Warm Regards, Pradip G. Vora,
Bina P. Vora, Darmil P. Vora, Dhara D. Vora, Shanaya D. Vora

Pradip Vora : +91 9821034572 Dharmil Vora : +91 9819834491
Resi : +91 22 24094491

# પ્રભુ વીરનો પંથ

આપણામાં દોષો તો ખૂબ જ ભર્યા છે. દરરોજ કોઈને કોઈ આપણા દોષો દ્વારા મોહનીય કર્મો હુમલો કરતા જ હોય છે, ત્યારે એ કર્મોને ઠંડા કરવા ને દોષોને ઘટાડવા આપણે આપણામાં રહેલા ગુણોને બહાર લાવીને એને મલ્ટીપ્લાય કરતા રહો.

વૈયાવચ્ચ ગમે છે તો એના કલાકો વધારે, ગુરુ ગમે છે એમનો વિનય સહુથી પ્રથમ રાખો, પંચમહાવ્રતધારી સાધુભગવંતોને માટે આપણી પોતાની સમસ્ત શક્તિ લગાડીને એમનું ધ્યાન રાખો, એમની સેવા કરો. વીરપ્રભુના શાસનને ચલાવનારા, જાળવનારા જવાંમર્દો છે. એમની ઉપેક્ષા ક્યારેય પણ કરાય નહીં.

પુજા ગમે છે તો ભગવાનને ભાવથી જોયા કરીને પછી પુજા સ્ટાર્ટ કરો, આપણા અંતરના દોષોની કાકલૂદી ભરી વાત કરો, એ દોષોને નીકાળવા માટેની પ્રભુને પ્રાર્થના કરો.

દર્શનને ચૈત્યવંદન ગમે છે તો સ્તુતિને સ્તવન વધારો.

દાન ગમે છે, પૈસા નથી તો અનુમોદના ના હૃદયના અણુઅણુમાં ભાવો વધારો, સાથે સહુને જ્યાં મળે ત્યાં પ્રેરણા કરો... પૈસા છે તો જેટલા વાપરવાના ભાવ છે એના કરતા વધારે પૈસા વાપરો.

સાધર્મિક ભક્તિ ગમે છે તો હોંશે હોંશે એમની સાથે કોમળતાથી વાત કરો, એમને આગળ લાવવા માટે બધું કરી છૂટો, ઉતમોતમ ને ઉત્કૃષ્ટ સાધર્મિકોને સ્પેશિયલ રીતે વધારે કેર કરો. સાધર્મિકને ગોતવાની સમજણ ન મળે તો જે પણ સારી જગ્યાએ સાધર્મિકની માનમર્યાદા સાથે ભક્તિ થાય છે ત્યાં દાનની ગંગા વહાવી દયો. મુહૂર્ત મેળવી ચુકેલા મુમુક્ષુરત્નો માટે તો જેટલું કરીએ એટલું ઓછું છે. સાથે દિક્ષા ના પુરા ભાવ હોવા છતાં અંતરાયના કારણે દિક્ષામાં વિઘ્નો આવતા મુમુક્ષુરત્નોની ભક્તિ કરવી સર્વશ્રેષ્ઠ છે. જો એમણે ચતુર્થ વ્રતની બાધા આજીવન લીધી હોય એવા મુમુક્ષુરત્નોની પુરેપુરી સંભાળને કાળજી રાખો.

પરમાત્મા ગમે છે, પરમાત્માની ભાવભરી અષ્ટપ્રકારી પુજા અર્ચના કરો, પ્રભુના પુજનો, ભાવનાઓમાં જાતને ડુબાડી ઘો. સંસારથી અલિપ્ત થઈ જાવ.

-સંજય કોઠારી

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| Name | : | SAGAR RAJENDRA DOSHI |
| Date of Birth | : | 1-06-1994 **Birth Place:** Nalasopara |
| Height | : | **5 .7" Weight :** 72 kg |
| Appearance | : | Fair |
| Education | : | Bachelor of Accounting & Finance (BAF) Master or Commerce (M.com) |
| Religion | : | Jain Shwetambar, Deravasi |
| Caste | : | Sorath Visa Shrimali |
| Occupation | : | Tata Consultancy Services Ltd. Business Process Associate |
| Hobbies | : | Listening Music / Cricket / Travelling |
| FAMILY | : | |
| Gr. Father | : | Late Vadilal Vachharaj Doshi |
| Gr. Mother | : | Chandanben Vadilal Doshi |
| Father | : | Rajendra Vadilal Doshi M. 7045955053 |
| Occupation | : | Present Working in ICICI Bank, Malad (W) |
| Mother | : | Alka Rajendra Doshi, Housewife M.8591766834 |
| Resi. Address | : | Mohan Nagar, E-88, 18th Flr, Datta Mandir Road, Dahanukar Wadi, Kandivali (W), Mumbai - 67 |
| Mosal | : | Late Kantilal Chottalal Savadia Porbander, Currently-Kandivali (W) |
| Uncle (Mama) | : | Rajesh Kantilal Savadia |
| Native Place | : | Bhukhli-Sanathli |
| Contact | : | Jawaharbhai Vadilal Doshi<br>Arvindbhai Vadilal Doshi<br>Jitendra Vadilal Doshi |
| Email | : | sagardoshi777@yahoo.in |

*With Best Compliments From*



**Manoj Sanghavi**
**+91-9821142077**

# PREMIER SYSTEMS

218/219, Damji Shamji Industrial Complex,
9, L. B. S. Marg, Kurla (W),
Mumbai - 400 070.

0091 - 22 - 25118143 / 0091 - 22 - 42155599
Email : **premierweigh@gmail.com**

## સાત કિંમતી રત્નો

**૧) પહેલું રત્ન : માફી**

તમારા વિષે કોઈ ગમે એમ બોલે, પણ એને મનમાં ન લાવતા મોટા મનથી એને માફ કરો.

**૨) બીજુ રત્ન : ઉપકાર**

બીજાને કરેલો ઉપકાર ભૂલી જાઓ. ફળની આશા રાખો નહિ. નિ:સ્વાર્થ ભાવ રાખો.

**૩) ત્રીજું રત્ન : વિશ્વાસ**

તમારી પોતાની મહેનત અને કર્મ પર અતૂટ વિશ્વાસ રાખો. બીજાના આધારની અપેક્ષા ન રાખો.

**૪) ચોથું રત્ન : સંબંધો**

સામેના માણસની કાળજી આપણા કરતાં વધારે રાખો જેથી સારા સંબંધો બનશે અને એ સંબંધો જાળવી રાખો.

**૫) પાંચમું રત્ન : દાન**

કોઈને ઉદાર હાથે મદદ કરવી સારા અને ઉત્તમ કાર્ય માટે સરળ હાથે દાન કરો. યોગ્ય પાત્રને દાન કરવાથી ધનની કમી થતી નથી અને મનને આનંદ મળે છે.

**૬) છઠ્ઠું રત્ન : આરોગ્ય**

દરરોજ વ્યાયામ-યોગાસન કરો. નિયમિત ચાલવાની ટેવ પાડો અને નિરોગી રહો.

**૭) સાતમું રત્ન : સત્ય**

હમેશાં યાદ રાખો કે જન્મ અને મૃત્યુ અટલ છે એટલે ભૂતકાળ કે ભવિષ્યકાળમાં ન જીવતાં વર્તમાનમાં જીવો. સત્ય વાતોનો સ્વીકાર કરો. સત્ય બોલો. કોઈપણ વાતના દુ:ખને મનમાં રાખશો નહિ. સુખમય જીવન જીવો. દીનમાં રહીને જીવનને સરળ બનાવો.

એકદરે જીવન ખૂબ જ સુંદર છે. એને ભરપૂર મજાથી જીવો.

માણસ જેમ બદલાય છે, તેમ નિસર્ગ - કુદરત પણ બદલાતી હોય એમ લાગે છે. નિસર્ગની કેટલી તાકાત છે એ આપણે જોઈ રહ્યા છીએ.

કુદરતના એક વિષાણુએ આપણને બતાવી દીધું છે કે પૈસા, સંપત્તિ, ગાડી, બંગલા, સોનું કે શ્રીમંતાઈ કરતાંયે આપણું જીવન મહત્વનું છે. - જીવ મહત્વનો છે.

નિત્ય સમાજ, કુટુંબ પરિવાર સાથે રહો અને થોડું જતું કરવાની ભાવના રાખશો, તો ઈશ્વર સદૈવ પ્રસન્ન રહેશે. સર્વનું કલ્યાણ થાય તેવી શુભકામના સાથે

## શુભ સંદેશ

- નાથ વિનાનો બળદ અને નિયમ વિનાનો મર્દ એ બંને નકામા છે.
- ચાલો સાથે મળી ભગવાનના વારસ બની જઈએ,
  શરત બસ એટલી કે પહેલાં માણસ બની જઈએ.
- ભગવાન ક્યાં રહે છે? માતા-પિતાની સેવા કરનારને ઘેર, પતિવ્રતા સ્રીને ઘેર,
  અતિથિનો સત્કાર કરનારને ત્યાં, સત્યવાદી-ઈમાનદાર વેપારીને ત્યાં.
- ભાગ અને ભાઈની પસંદગીમાં ભાઈને પસંદ કરજો.
  ભાગ તો દુશ્મન પાસેથી પણ મળશે, પણ ભાઈ ભાગ્યથી જ મળે.
- ના પાડશો કોઈની સાથે વાંધા, તરત નબળા પડશે શરીરના સાંધા, અરે! તૂટી જશે સ્નેહના સર્વ સાંધા, પછી કદી નહિ સંધાય એ સાંધા.
- જેનાં નયન નીચાં, જેનાં વચન મીઠાં,
  જેનામાં સર્વ પ્રત્યે સ્નેહ દીઠા, તેનું નામ સદ્દગુરૂ.
- તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું,
  મૃત્યુ પછી દાન સીસા જેવું. માટે હાથે તે સાથે.
- ન ધરા સુધી, ન ગગન સુધી, ન ઉન્નતિ, ન પતન સુધી
  આપણે તો જવું છે બસ! એકમેકના મન સુધી.

## માતા-પિતા

કૂતરા પર હાથ ફેરવનારને કૂતરો વફાદાર રહે છે. તમારા પર હાથ ફેરવનાર મા-બાપને વફાદાર રહેવા જેટલી લાયકાત તમે જાળવી ન શકો ?

- મા-બાપ એટલે ઘરના અખંડ દીવડા, મા-બાપ એટલે ઘરની પ્રેમપરબ.
- તું લાચાર હતો ત્યારે તને સાચવ્યો એ મા-બાપ વૃદ્ધાવસ્થામાં કે બીમારીમાં લાચાર બને ત્યારે તું એમને સાચવી લેજે.
- ૪ વર્ષનો તારો દીકરો જો તારા પ્રેમને ઈચ્છે છે, તો ૭૦ વર્ષના તારા મા-બાપ તારા પ્રેમને કેમ ન ઈચ્છે?
- જે ઘરમાં મા-બાપ બને મહેમાન, એ ઘરમાં રાજી નહીં રહે ભગવાન.

# PRATISH IMPEX

**MUMBAI**

## EXPORTERS OF TURNKEY PROJECTS

**WEBSITE: pratishimpex.com** **EMAIL: info@pratishimpex.com**

## ADHESIVE SPECIALITIES

**ISO 9001:2015 COMPANY**

**BANGALORE – VADODARA - INDORE**

**MANUFACTURER OF SPECIALISED INDUSTRIAL ADHESIVE TAPES**

**Website: adhesivespecialities.co.in** **Email: info@adhesivespecialities.co.in**

*With Best Compliments From*

## DINESH SHANTILAL SHETH & FAMILY

66, Walkeshwar Road, Triveni, A-5, 2nd Floor,
Mumbai – 400 006.
Phone : 23628454, 23672209

Dinesh Sheth 98200 22758 | Kartik Sheth 98201 71073 | Ruchir Sheth 99303 74996

## MATRIMONIAL



| | | |
|---|---|---|
| Name | : | **AKSHAY VIRAL PAREKH** |
| Date of Birth | : | 27-3-1993 (Aries) |
| Birth Time | : | 3.44 am **Height :** 6.2 ft. |
| Blood Group | : | A + ve |
| Education | : | Bachelor in Commerce (B.Com) Pursuing MBA |
| Caste | : | Jain (Ghoghari Visashrimali) (Bagasra) |
| FAMILY | : | |
| Gr. Father | : | Harshadbhai Virjibhai Parekh (Dada)<br>Rasikbhai Talakchandji Mehta (Nana)<br>(Sorath Visashrimali)<br>(Majhevdi) |
| Gr. Mother | : | Vimalben Harshadbhai Parekh (Dadi)<br>Pravinaben Rasikbhai Mehta (Nani) |
| Father | : | Viral Harshadbhai Parekh |
| Occupation | : | Business |
| Mother | : | Sadhana Viralbhai Parekh |
| Occupation | : | Housewife |
| Siblings | : | Rikita Viralbhai Parekh (Sister) |
| Address | : | 202-203, K. P. Tower-1, Fatima Nagar, Pune-13 |
| Email ID | : | akshayparekh11@gmail.com |
| Contact No. | : | 9823235908 (Father)<br>8975485665 (Mother) |
| Landline | : | 020-26860422 |
| Company | : | PRIDE Group |
| Designation | : | General Manager |

## હે પ્રભુ

તમે જ તો છો જિંદગીની દરેક પળમાં,
ક્યારેક આંખમાંથી નિતરતાં આંસુમાં,
તો ક્યારેક હોઠ પર રેલાતા હાસ્યમાં,
તમે જ તો છો જિંદગીની દરેક પળમાં.....
ક્યારેક આકાશમાં થી વરસતાં નીરમાં,
તો ક્યારેક મેઘધનુષ નાં સાત રંગમાં,
ક્યારેક માટીની ભીની ભીની ખુશ્બુમાં,
તો ક્યારેક આહલાદક વાતા વાયરામાં,
તમે જ તો છો જિંદગીની દરેક પળમાં,
ક્યારેક શ્વાસોની વહેતી તેજ રફતારમાં,
તો ક્યારેક મારી પ્રાર્થનામાં કહેલ કથનમાં તમે જ તો છો
જિંદગીની દરેક પળમાં....
તમે જ તો છો મારી દરેક હારમાં,
તો ક્યારેક મળતી જીતમાં.
તમે જ તો છો આ જિંદગી પહેલા
તમે જ હશો જિંદગી પછી
પણ મારી સાથે...
તમે જ તો છો મને મોક્ષમાર્ગ
બતાવનાર, તમે જ તો છો
અનંત કરુણા ને વરસાવનાર,
તમે જ હશો મારી સાથે અંતે
સિદ્ધશીલા ઉપર મોક્ષધામમાં.
આપણે પ્રભુ સાથે થવા માટે
બીજા ઘણાં થી મુક્ત થવું પડતું
હોય છે. કોઈનાં જવાથી કંઈ
અટકતું નથી, પણ ખટકતું તો
હોય જ છે. એ ખટકાત ખમીને
પણ આગળ નીકળી જવું
એજ તો જિંદગી છે.
હરપળ પ્રભુને યાદ કરનાર
મહાનુભાવ આપને રવિવારની
રમ્ય સવારે આપના મિત્રનાં ગમ્ય
જય જિનેન્દ્ર....

*With Best Compliments From*

Parimal M. Bhimani
98925 97996



Amish P. Bhimani
98215 57059

# Darshana Jewellers

GOVT. APPROVED VALUERS

Shop No. 1, Jalaram Nagar No. 3, Vallabh Baug Lane, Ghatkopar (East),
Mumbai - 400 077. Tel.: 21025847
Email : info@darshanjewellers.in
Website : www.darshanjewellers.in

# Mansukhlal H. Bhimani And Sons

GOVT. APPROVED VALUERS

C/603, Navrang CHS Bldg. No. 86,
Tilak Nagar, Chembur (West), Mumbai - 400 089.
Tel.: 21025847
Email : bhimaniparimal@gmail.com

# આજના વિશ્વમાં સાધુત્વ અને આચારોની બાબતમાં નવું મૂલ્યાંકન થઈ રહ્યું છે...

હું કાશીમાં રહેતો ત્યારની વાત છે. એક વિદ્વાન સાધુ પ્રતિવર્ષ ઉનાળામાં અહીં ગુજરાતમાં કથા-પ્રવચન કરવા જતા. લોકો તેમને ખૂબ પૈસા આપતા. પછી કાશી આવીને અવારનવાર તેઓ સિનેમા જોવા જતા. એકવાર મેં તેમને કહ્યું કે, 'લોકો તમને સિનેમા જોવા પૈસા નથી આપતા,' તો તેમણે કહ્યું કે, 'મેં દાનધર્મકા પૈસા નહિ લેતા હૂં, જબ કિસી બેઈમાન, કાલેબજારીઓકો સભા કે બીચમેં ધર્માત્મા બનાતા હૂં તબ વહ પૈસા દેતા હૈ, જૈસા પૈસા તૈસા ઉપયોગ.' ફરીફરીને એ જ વાત કહેવાની છે કે, માત્ર દબાણ અને કઠોર નિયંત્રણોથી આચાર ખીલતો નથી. આચાર ખીલ્યા વિના સાચી આધ્યાત્મિક્તા ખીલતી નથી. જો તમારે સાચી આધ્યાત્મિક્તાનો ખપ હોય તો કઠોર નિયંત્રણો અને એમાંથી પ્રગટતો અવિશ્વાસ છોડવો પડે. મેં અનુભવ કર્યો છે કે, અત્યંત ગૂંગળાવનારા કઠોર વાતાવરણમાં રહેનારાઓ કરતાં હળવા અને સહજ વાતાવરણમાં રહેનારા માણસો વધુ સ્વસ્થ તથા વધુ સારા આધ્યાત્મિક થઈ શકતા હોય છે.

### સાત્ત્વિક વાતાવરણ

વાતાવરણની દૃષ્ટિએ ઘણાને એમ લાગે કે વિદેશોમાં મુક્ત વાતાવરણ હોવાથી માણસો, ખાસ કરીને આધ્યાત્મિક માણસો, ભ્રષ્ટ થઈ શકે છે. આ વાત પણ બરાબર નથી. મોટા ભાગના જ નહિ, પણ લગભગ બધા જ સાધુઓ પોતાને આમંત્રણ આપનાર ગૃહસ્થોની વ્યવસ્થામાં રહેતા હોય છે. આ વ્યવસ્થા તથા ગૃહસ્થોનો પૂજ્યભાવ, પોતાનો બાહ્ય દેખાવ તથા પોતાની આંતરિક સ્થિતિ આ બધું મળીને એક રક્ષક દીવાલનું નિર્માણ કરતાં હોય છે.

હિન્દુ સાધુઓ વિદેશમાં પણ ભક્તજનોના ભક્તિમય વાતાવરણમાં રહેતા હોય છે તથા સ્વયં પોતે પણ ભક્તિમય વાતાવરણ નિર્મિત કરતા હોય છે, એટલે ભારતના વાતાવરણ કરતાં ત્યાં કાંઈ તદ્દન જુદું વાતાવરણ થઈ જતું નથી.

મુંબઈ કે અમદાવાદ જેવાં નગરોમાં પણ દૂષિત વાતાવરણનાં ક્ષેત્રો હોય જ છે, પણ તેથી કાંઈ તે નગરો નિવાસ માટે ત્યાજ્ય નથી થઈ જતાં. કેટલીક વાર તો ધર્મસ્થાનોની બાજુમાં જ આવાં વાતાવરણો સ્થિર થયાં હોય છે, છતાં આપણે ધર્મસ્થાનોને છોડી દેતાં નથી અને ધર્મસ્થાનોની બાજુની વાત કરીએ તેના કરતાં ધર્મસ્થાનોની અંદરની વાત કરીએ તોપણ સ્વીકારવું પડશે કે, બધાં જ ધર્મસ્થાનો અંદરથી સાત્ત્વિક વાતાવરણવાળાં નથી હોતાં. ખરેખર તો ઘણી વાર જ્યાં માત્ર આધ્યાત્મિક ગણાતા પુરુષો જ વસતા હોય તેમને એકાંતથી બચાવવા ઓરડામાં નહિ, પણ એકસાથે લોબીઓમાં સુવાડ્યા હોય, જ્યાં સ્ત્રીઓનો પ્રવેશ પણ પ્રતિબંધિત હોય, ત્યાં પણ અવારનવાર અણછાજતું વાતાવરણ બની જતું હોય છે.

સતત સહવાસથી, મૈત્રીથી, સમાન સમસ્યાઓથી તેઓ અથવા તેઓમાંથી કેટલાક બીભત્સ ગણાતી ચર્ચાઓ પણ કરતા હોય છે, એટલે જ્યાં વિજાતીઓનો સંપર્ક નથી હોતો ત્યાંનું વાતાવરણ શુદ્ધ જ થઈ જાય છે તેવી ભ્રાંતિમાંથી આપણે જેટલા વહેલા મુક્ત થઈએ તેટલા જ સત્યની નજીક પહોંચીશું. જ્યાં સુધી આપણે કુદરતી આવેગોને તેના સાચા રૂપમાં સમષ્ટિ દૃષ્ટિથી નહિ સ્વીકારીએ ત્યાં સુધી સાચી જીવનવ્યવસ્થાનું નિર્માણ નહિ કરી શકીએ.

### ડહાપણનાં દર્શન

આજે આખા વિશ્વમાં આચારોની બાબતમાં એક નવું મૂલ્યાંકન થઈ રહ્યું છે. બ્રિટનમાં ગ્રેવલૅન્ડ ગામમાં સાઉથફ્લીટ નામના ધર્મસ્થાનમાં એક સાધુ અને એક સાધ્વી પરસ્પર પ્રેમમાં પડ્યાં. એક રાત્રે બંને દામ્પત્યજીવન જીવવા ભાગી છૂટ્યાં, પણ પકડાઈ ગયાં. ધર્માધ્યક્ષોએ સાધુને ફાંસીએ લટકાવ્યો અને સાધ્વીને જીવતી ને જીવતી દીવાલમાં ચણી લીધી.

આવો જ પ્રસંગ એસેક્સ બોરલીના ધર્મસ્થાનકમાં પણ થયો હતો. ત્યાં પણ એક સાધ્વી પર શિથિલાચારનો આરોપ મૂકીને તેને જીવતી રોતી-કકળતી દીવાલમાં ચણી લીધી હતી. ધીરેધીરે પશ્ચિમનું ચિંતન ધર્મરૂઢિઓથી દૂર ખસીને વિકસ્યું, જેના પરિણામે ફ્રોઈડ જેવા અનેક ચિંતકોએ આકાશી ચિંતનની જગ્યાએ ધરતી પરના વાસ્તવિક ચિંતનને પ્રસરાવ્યું. આ ચિંતનના પરિણામે ત્યાંના લોકો ઉદાર બન્યા. હવે કોઈ સ્ત્રીને જીવતી દીવાલમાં ચણી લેવામાં નથી આવતી.

માનવીય સંબંધો અને આવશ્યકતાઓની બાબતમાં પ્રાચીનકાળમાં માણસ જેટલો ક્રૂર હતો તેટલો હવે નથી રહ્યો. હવે તેનામાં ડહાપણનાં દર્શન થવા લાગ્યાં છે. પ્રાચીન આચારવ્યવસ્થાના સંદર્ભો બદલાઈ ગયા છે. જંગલમાં રહેનારા સાધુઓ નગરોમાં વસવા લાગ્યા છે. ભલે વસે, પણ નગરોના સંદર્ભો સાથે વસી, જંગલોના સંદર્ભો ચાલુ રાખવામાં આવે તો સ્વયં માટે, ભક્તો માટે તથા પડોશીઓ માટે અવસ્થતા તથા દુર્ગંધનો વધારો થશે.

### 'સાધુમુક્તિ સંસ્થા' ઊભી કરીએ

એક બીજી બાબત પ્રત્યે લક્ષ્ય આપવા જેવું છે. જે લોકોને

અબુધ અવસ્થામાં દીક્ષા આપવામાં આવી હોય, તેઓ જ્યારે મોટા થાય, સમજુ બને અને તેમના પર લાદવામાં આવેલા માર્ગને સ્વીકારી ના શકે અને તથાકથિત શિથિલાચારમાં વર્તે તો દોષ કોનો? ઘણા લોકો બહુ સરળતાથી ઉત્તર આપી દેશે કે, તો તેમણે સાધુપણું છોડી દેવું જોઈએ, પણ આ ઉત્તર વ્યાવહારિક નથી. પ્રથમ તો જ્યારે કોઈને સાધુ બનાવવામાં આવે છે ત્યારે એટલું મોટું પ્રદર્શન અને આડંબર કરવામાં આવે છે કે સમગ્ર પ્રસંગ એક વ્યક્તિવિશેષનો ના રહેતાં પૂરા કુટુંબનો, સમાજનો અને ધર્મનો બની જાય છે, જાણે કે તરત જ ૭૧ પેઢીઓ તરી ગઈ છે તેવી પ્રતિષ્ઠા ઊભી થાય છે. દીક્ષાર્થીને અનેક કડવા અનુભવો થાય તોપણ તે પાછો ના ફરી શકે. જો પાછો ફરે તો તેના કુટુંબની ભારે અપ્રતિષ્ઠા થાય, કદાચ તેનાં ભાઈ-બહેન કુંવારાં રહી જાય.

એકાદ વર્ષ પહેલાં દીક્ષા છોડીને એક સાધુ મારા આશ્રમમાં આવેલા. તેમની કરુણ કથની સાંભળીને હૃદય દ્રવી ઊઠ્યું. તેઓ આશ્રયની શોધમાં હતા. મેં તેઓને તેમનાં માતા-પિતા-ભાઈઓ વગેરેને ત્યાં પાછા જવા સલાહ આપી તો તેમણે કહ્યું, 'ના, તેઓએ જ મને કહ્યું છે કે તું ગમે ત્યાં જજે, પણ અમારી પાસે ના આવીશ, નહિ તો અમે મોઢું શું બતાવીશું ?'

આવા જ એક બીજા સાધુ પણ આવેલા. તેઓ દીક્ષામાં કાર્યાન્વિત હતા, પણ વગર મનથી બધા આચારો પાળ્યે જતા હતા. તેમને પણ છૂટવું હતું, પણ સૌથી મોટો પ્રશ્ન પોતાનો નહિ, પોતાના કુટુંબની પ્રતિષ્ઠાનો હતો. ભારે ગમગીનીમાં તેઓ જીવી રહ્યા હતા. મને થયું કે કોઈ પુણ્યાત્મા 'સાધુમુક્તિ સંસ્થા' ઊભી કરે તો કાંઈક કાર્ય થાય.

જેમ ત્યક્તાઓ, અનાથો, વૃદ્ધો વગેરે માટે આશ્રયસ્થાન આપનારી સંસ્થાઓ હોય છે તેમ અનિચ્છાએ, રિબાઈરિબાઈને જીવન જીવતા સાધુઓ માટે પણ 'સાધુમુક્તિ સંસ્થા' બનાવી હોય તો ઘણાનાં મડદાલ જીવન ચેતનવંતાં થઈ શકે.

### પરંપરામાં સુધારાની જરૂર

એક બીજો પ્રશ્ન પણ છે. જે સાધુપણું છોડવા નથી માગતા, કારણકે સાધુતાના આંતરિક ધ્યેયને તેઓ પૂરેપૂરી નિષ્ઠાથી સ્વીકારે છે, પણ કેટલાક વ્યર્થના બાહ્યાચારો જેમને સ્વીકાર્ય નથી, તેઓ તો માત્ર સુધારક છે, તેઓને સાધુપણું છોડવાનું કેમ કહી શકાય? કોઈ સંડાસમાં સંડાસ જાય, બ્રશ કરે, કે સ્લીપર પહેરે અથવા વાહનનો ઉપયોગ કરે કે વિદેશ જાય - આટલા માત્રથી તેમને સાધુપણું છોડી દેવાનું ના કહી શકાય. એ જરૂરી છે કે પ્રત્યેક પરંપરાના પોતાના નિયમો હોય છે, પણ એ પણ જરૂરી છે કે પ્રત્યેક પરંપરામાં સમયસમય પર યુગાનુરૂપ સુધારા પણ થતા હોય છે.

વ્યક્તિ માત્ર પોતાની આવશ્યકતાઓ માટે નહિ, પણ સૌની તથા સ્વયં ધર્મની યુગાનુરૂપ આવશ્યકતાઓ પૂરી કરવા જ્યારે કોઈ સુધારો કરે ત્યારે તે શિથિલાચાર નહિ, પણ સુધારો બને છે. જો સમાજને તે સ્વીકાર્ય નહિ હોય તો પેલી વ્યક્તિ સમાજમાંથી ફેંકાઈ જશે, પણ જો સમાજનો નાનો વર્ગ પણ તેવા સુધારાને સ્વીકારશે તો આગળ જતાં એ વ્યાપક થવાનો જ, કારણકે પ્રત્યેક સુધારો શરૂઆતમાં એક નાની સાંકડી નદી જેવો હોય છે, જે કાળના પ્રવાહમાં વિસ્તરતો જતો હોય છે. મને લાગે છે કે દિગંબરપણામાંથી વસ્ત્રધારી થવાની પ્રક્રિયા પણ સુધારો જ હતો, જે શરૂઆતમાં સાવ નાનો હશે, પણ આજે તેની વ્યાપકતા જોઈ શકાય છે.

સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ રહે છે કે, જો આપણે આપણા ધર્મને જ એકમાત્ર સત્ય માનતા હોઈએ અને બીજી તરફ તે સત્યની સીમા માત્ર મુઠ્ઠીભર માણસોમાં જ જકડી દઈએ, બહારની કરોડોની સંખ્યા તેનાથી વંચિત રહી જાય તેવી આચારવ્યવસ્થા કરીએ તો આપણે કરોડોનાં જીવનને હાનિ પહોંચાડી રહ્યા નથી શું ?

મેં એક સજ્જનને પૂછ્યું, વિશ્વમાં જૈન ભાઈઓની કુલ સંખ્યા કેટલી? તેમણે કહ્યું ચાળીસેક લાખ. મારો પ્રશ્ન હતો કે ભગવાન મહાવીરનું શાસન આ ચાળીસ લાખ પૂરતું જ સીમિત થઈ જાય તે તમને ગમે કે વિશ્વની પાંચસો કરોડ વસતિ પર વિસ્તરે તે ગમે? જેને તમે પરમસત્ય અને એકમાત્ર કલ્યાણકારી શાસન માનો છો તેના વિસ્તારથી શાસનકર્તાને આનંદ થશે કે તેને મુઠ્ઠીભર માણસોમાં જ બંધિયાર કરી દેવાથી આનંદ થશે ?

કેટલા દુર્ભાગ્યની વાત છે કે, અમારામાંથી ઘણા લોકો પોતાને જગદ્ગુરુ કહેવડાવે છે, પણ જગતની એલર્જી રાખે છે. એકલા ભારત અને તેમાં આવેલા એક સંપ્રદાયનું નામ જ જગત નથી. દૂરદૂરના સેંકડો દેશો, તેમાં વસતિ રંગબેરંગી પ્રજાનું નામ જગત છે. આવી પ્રજા અને આવા દેશોથી જ અભડાતા હોય, ભ્રષ્ટ થઈ જતા હોય તે સાચા અર્થમાં જગદ્ગુરુ ના થઈ શકે.

છેલ્લી વાત. આપણે આપણા ધર્મને વિશ્વભરમાં કેમ પ્રસરાવી નથી શકતા? કારણકે ધર્મને રાજસત્તાનું માધ્યમ નથી માન્યો. માત્ર મોક્ષનું જ માધ્યમ માન્યો છે. જે ધર્મો રાજસત્તાનું માધ્યમ બન્યા તેમના વાવટા વિશ્વના અનેક દેશો પર ફરકી રહ્યા છે. તેમણે પોતાના ધર્મને એવો સરળ-સહજ, સર્વભોગ્ય બનાવ્યો કે તે વિશ્વભરમાં પ્રસરી શકે. આપણી સામે પણ જો આ ધ્યેય હોત તો આપણે પણ અકુદરતી, કઠોર અને વ્યર્થનાં નિયંત્રણો દ્વારા ધર્મને બોઝિલ બનાવવાની જગ્યાએ સરળ બનાવ્યો હોત, તો આપણા વાવટા પણ ઘણી જગ્યાએ ફરકતા હોત. અત્યારે તો મોટી ચિંતા એ છે કે આપણા ઘર પર પણ આ વાવટો રહેશે કે કેમ?

**સ્વામી સચ્ચિદાનંદ**



વચનમાં રાખજો મીઠાશ, ભાવોમાં રાખજો ભીનાશ
દુર્ભાવોનો કરજો વિનાશ, ન રાખશો મનમાં કડવાશ

નવા વર્ષને આપીએ આમંત્રણ શુભ વિચારને આપીએ નિમંત્રણ
પ્રભુ ચરણે કરીએ જીવન સમર્પણ સદાચરણમાં કરીએ જીવન અર્પણ

## લિલાવતી અમૃતલાલ હેમચંદ ભીમાણી પરિવાર
## તેમજ હેમચંદ લવજી ભીમાણી પરિવાર

Shivam Cassettes Gujarati Music
અમારી યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઇબ કરશો.
www.youtube.com/user/shivamcassettes

# જબ આવે સંતોષધન, સબ ધન ધૂલસમાન

કબીરસાહેબ એક સર્વસ્વીકાર્ય સાચા સંત હતા. એમણે જીવનના તત્ત્વજ્ઞાનને પોતાની સરળ ભાષામાં પદો, ભજનો, સાખીઓ અને દોહાઓ દ્વારા પીરસ્યું છે. એમની એક સાખી છે:

**ગોધન, ગજધન, બાજધન, ઔર રતનધન ખાન,**
**જબ આવે સંતોષધન, સબ ધન ધૂલસમાન.**

કબીરસાહેબ કહે છે કે, તમારી પાસે ગમે તેટલું ધન હોય અને રત્નોની ખાણ હોય, પણ જ્યારે તમને સંતોષરૂપી ધન પ્રાપ્ત થાય છે ત્યારે બાકીનાં બધાં ધન તમને ધૂળસમાન લાગવા માંડે છે, એટલે કે, માણસ સંતોષી થાય તો જ સુખી થઈ શકે છે.

કબીરસાહેબની વાત આત્મસાત્ કરવા જેવી છે, કારણકે આજના માનવીને પોતાની જીવનજરૂરિયાતથી વધારે મળ્યું હોવા છતાં એની ઈચ્છાઓ વધુ ને વધુ મેળવવા માટે બહેકી જાય છે અને પછી કોઈ એક તબક્કે પોતે શું મેળવવા ઈચ્છે છે એનું ભાન પણ એને રહેતું નથી.

ટૉલ્સ્ટૉયની વાર્તા 'માણસને કેટલી જમીન જોઈએ?'ના નાયકની જેમ આજનો માનવી વધુ ને વધુ મેળવવા માટે દોડ્યા જ કરે છે, એને સંતોષ જ થતો નથી. ટૉલ્સ્ટૉયની વાર્તામાં મુદ્દો એવો છે કે, સૂર્યોદયથી લઈને સૂર્યાસ્ત સુધીમાં માણસ જેટલી જમીન પર દોડી શકે એટલી જમીનનો એ માલિક બની શકે.

હજી વધુ, હજી વધુની ઈચ્છામાં એક માણસ દોડતો જ રહે છે. છેવટે થાકીને, હાંફીને એ પડી જાય છે અને એમ જ મૃત્યુ પામે છે. જે જમીન પર એ ફસડાઈને મૃત્યુ પામ્યો હોય છે ત્યાં જ એને દફન કરવામાં આવે છે. છેવટે 'એની કબર બને એટલી જમીન જ એને મળી.'

હવે આપણે એ મંથન કરવું જરૂરી છે કે, આજના માનવીએ ખાસ કરીને યુવાનોએ ધન, સત્તા અને કીર્તિ પાછળ જે દોટ મૂકી છે એ જરૂરી છે ખરી? આખરે એ શું આપી શકશે? સત્તા, પૈસા, પ્રતિષ્ઠા એ ક્યારેય સુખનાં પર્યાય બની શક્યાં છે ખરાં? સંતોષ એ જ સુખનો પર્યાય છે.

પણ આજના માણસનાં તોલમાપ જ ફરી ગયાં છે. આજે માણસના ડહાપણને, તેની સર્જકતાને, તેની ભલાઈને, અરે, તેના સાધુપણાને માપવા માટે પણ એની પાસેના પૈસાનો અને સંપત્તિનો જ વિચાર કરવામાં આવે છે અને એટલે સ્વાભાવિક રીતે જ આજના યુવાનો પૈસા અને સત્તા મેળવવા માટે આંધળી દોટ મૂકે છે, એમને લાગે છે કે એ રસ્તે તેઓ સુખી થઈ શકશે, પરંતુ ડાહ્યા માણસો કહે છે કે, માણસે પૈસા એટલા જ કમાવા જોઈએ જેને એ જીરવી શકે, જેનો ઉપયોગ એ કરી શકે અને જેને કમાયા પછી સુખ માણવાનો સમય એની પાસે બાકી રહે.

અનુભવી માણસો તો ત્યાં સુધી કહે છે કે, પૈસા પોતાની સાથે કોઈ ને કોઈ ઉપાધિ લઈને જ આવે છે અને એ ઉપાધિ સુખને હરે છે. ચળકાટથી ભરેલી ફિલ્મી દુનિયામાં જીવતાં-સંકળાયેલાં ધન, વૈભવ અને ઐશ્વર્યમાં રાચતા અનેક લોકોની જિંદગીના કરુણ અને અકાળે આવેલા અંતથી આપણે અજાણ નથી અને છતાં આજનો માનવી એ રસ્તેથી પાછા ફરવાનો વિચાર કરતો નથી, પરંતુ એનો અર્થ એ નથી કે માણસે પોતાની જરૂરિયાત સંતોષવા જેટલું તો કમાવું જ જોઈએ.

ધન કમાવાની અને ધનસંચય કરવાની બાબતમાં દરેક વ્યક્તિની મર્યાદા જુદીજુદી હોય છે. કેટલું ધન કમાવાથી કે એકઠું કરવાથી નુકસાન થાય એનો કોઈ સર્વસામાન્ય નિયમ નથી અને એવો કોઈ નિયમ સ્થાપિત થઈ પણ શકે નહીં. માણસ પોતે જ એ નક્કી કરી શકે.

જેમ નીરોગી રહેવા માટે વ્યાયામ જરૂરી છે કે પૌષ્ટિક ખોરાક લેવો જરૂરી છે એ જ રીતે ધન કમાવું પણ માણસ માટે જરૂરી છે, પણ આખો દિવસ જેમ વ્યાયામ ન કરાય,

આરામ પણ કરવો પડે એ જ રીતે આખો દિવસ ભોજન પર પણ બેસી ન રહેવાય અને એવી જ વાત ધન કમાવાની અને ધનસંચય કરવાની છે. જે માણસ 'અતિ સર્વત્ર વર્જ્યતે' એ સૂત્રને અનુસરે છે એને કબીરસાહેબના 'સંતોષધન'ની વાત બરાબર સમજાય છે.

જિંદગીને જેમણે અનેક રીતે જોઈ છે, અનેક જુદીજુદી સ્થિતિમાં રહીને જોઈ છે, માણી છે, ચકાસી છે એવા અનુભવી માણસોએ કહ્યું છે કે, જિંદગીનું સાચું સુખ વિપુલ સાધનસામગ્રી એકઠી કરવામાં નથી, ધન-દોલત પાછળ દોડવામાં નથી, ભોગવિલાસમાં નથી. સાચું સુખ જુદી જ વસ્તુ છે અને તે સંયમ અને મર્યાદામાં રહેલું છે. સંયમ, મર્યાદા કે સાદગી સંતોષમાંથી અને સમજણમાંથી પ્રગટે છે.

રાજા યયાતિ હોય, ભર્તૃહરિ હોય, સોક્રેટિસ જેવો ફિલસૂફ હોય, શેખ, સાદી કે મૌલાના, રૂમી જેવા સૂફી હોય કે આધુનિક સમયમાં જીવી ગયેલા ટૉલ્સ્ટૉય, થોરો કે મહાત્મા ગાંધી હોય, દરેક વ્યક્તિએ આ જ વાત ભારપૂર્વક કહી છે, એટલું જ નહીં, જિંદગીનો પૂરો અનુભવ લીધા પછી કહી છે. સાદી જિંદગીમાં જેવું સુખ છે તેવું સુખ વિલાસી જિંદગીમાં નથી.

બહારથી જોનારને ધનવાન અને વિલાસી વ્યક્તિઓનું જીવન ભર્યુંભર્યું લાગે છે. કેવાં વિવિધ પ્રકારનાં સુખો એ લોકો માણતાં હશે એની કલ્પના બીજા લોકોમાં ઈર્ષ્યા પ્રેરે છે, પરંતુ એ જાળમાં ફસાયેલી વ્યક્તિ પોતે જ પોતાની ખરી સ્થિતિ જાણતી હોય છે. એટલે જ યયાતિ અને ભર્તૃહરિ જેવા રાજાઓએ ભોગવિલાસમાં સુખ નથી એમ કહ્યું છે અને સંસારના ભોગવિલાસ, ધન-દોલતનો પૂરો અનુભવ કર્યા પછી એમણે એવું કહ્યું છે.

જિંદગીના ભોગવિલાસમાં રાચતી વ્યક્તિ કે ધન-દોલત પાછળ દોડતી વ્યક્તિ ક્યાંક ને ક્યાંક પરાધીનતા અનુભવતી જ હોય છે. ક્યાંક ને ક્યાંક એ બીજાની ઓશિયાળી બનતી જ હોય છે અને જીવવાનું સાચું સુખ માણવામાં એ બાધારૂપ થાય છે. જેમજેમ તે તેમાંથી દૂર ખસતી જાય છે તેમતેમ તેની સ્વતંત્રતા વધતી જાય છે. એટલે જ જિંદગીના અનેકવિધ અનુભવોમાંથી પસાર થયેલી વ્યક્તિઓએ જીવનનું સાચું સુખ સાદગીમાં, સંયમમાં, ત્યાગમાં, સંતોષમાં છે એમ કહ્યું છે.

મનુષ્યના સ્વભાવને ઉજાગર કરતું અંગ્રેજીમાં એક વાક્ય છે, **'Few men are ever satisfied when they get what they deserve'.** બહુ ઓછા માણસોને એ વાતનો સંતોષ હોય છે કે તેમને તેમની લાયકાત મુજબનું મળ્યું છે.

મોટા ભાગના માણસો એમ જ માનતા હોય છે કે, તેમની પોતાની લાયકાત કરતાં ઘણું જ ઓછું મળ્યું છે અને એમ માનીને અસંતોષની આગમાં પોતે તો ભૂંજાયા કરે છે, પણ બીજાને પણ દુઃખી કરે છે.

અંગ્રેજીમાં બીજું પણ એક વાક્ય છે: **There are two ways of being rich. One is to have all you want and other is to be satisfied with what you have.** આ વાક્ય કબીરસાહેબની વાત જ દોહરાવે છે. 'શ્રીમંત થવાના બે રસ્તા છે. એક તમારી ઈચ્છા મુજબનું બધું જ તમને મળે અને બીજો રસ્તો તમને જે મળ્યું હોય એમાં સંતોષ પામવાનો છે' અને પોતાની ઈચ્છા મુજબ બધું જ મળ્યું છે એમ ભાગ્યે જ કોઈ માને છે.

અહીં મહાભારતના કર્ણની વાત: 'જન્મ કુદરતને આધીન છે, પણ પરાક્રમ મારે આધીન છે', ને જરા યાદ કરી લઈએ અને સંકલ્પ કરી લઈએ કે, 'ગૌધન, ગજધન, બાજધન ઔર રતનધન' મળવું કે ન મળવું એ તો કુદરતને આધીન છે, પરંતુ 'સંતોષધન મેળવવું એ વ્યક્તિને પોતાને આધીન છે. જે વ્યક્તિ એ મેળવશે એને બાકીનાં બધાં ધન ક્ષુલ્લક લાગશે.' 'સંતોષ' એ 'સુખ' નામની ઈમારતનો પાયો છે. કદાચ એ પાયો દેખાય કે ન દેખાય, પણ 'સુખ' નામની ઈમારત તો એના પર જ ઊભેલી હોય છે. એના પર જ ઊભી રહી શકે છે.

- *'ધર્મદ્વાર'માંથી સાભાર*

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ

## ભેટની યાદી

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી મુખપત્રને ભેટ

૫૧,૦૦૦/- શ્રીમતી ચંદનબેન અરવિંદકુમાર મહેતા તરફથી મુખપત્રના સૌજન્યદાતા ફેબ્રુવારી માસ માટે

૧,૧૧૧/- ચિ. મનય મહેક મહેતાના જન્મદિવસ નિમિત્તે શ્રી મયુર નગીનદાસ મહેતા પરિવાર તરફથી (કિર્તી ડિયામ)

૫૦૦/- શ્રી આશીષભાઈ વિનોદભાઈ મહેતા બોરીવલી તરફથી ચિ. વિયોનાની અઠ્ઠાઈ તપની આરાધના નિમિત્તે

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજને ભેટ

૫૦૦/- શ્રી આશીષભાઈ વિનોદભાઈ મહેતા બોરીવલી તરફથી ચિ. વિયોનાની અઠ્ઠાઈ તપની આરાધના નિમિત્તે સમાજને ભેટ

### શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઇમાં ભેટની યાદી

### અનાજ વિતરણ ખાતે

૫૧,૦૦૦/- શ્રી પ્રફુલચન્દ્ર અનુપચન્દ્ર ધોળકીયા તરફથી ભેટ

૫૦,૦૦૦/- શ્રી સંજયભાઈ નટવરલાલ શાહ તરફથી ભેટ

૫૦,૦૦૦/- શ્રીમતી ચંદનબેન અરવીંદકુમાર મહેતા તરફથી ભેટ

૫૦,૦૦૦/- શ્રી જીગરભાઈ વિનોદભાઈ શાહ તરફથી સ્વ વિનોદભાઈ શામજી શાહ ના આત્મશ્રેયાર્ત

૨,૧૦૦/- શ્રી રમેશભાઈ ગીરધરલાલ વસા તરફથી ભેટ

૫૦૧/- શ્રી કેતનભાઈ મનસુખલાલ મહેતા તરફથી ભેટ

૨૫૦/- શ્રી ગિરીશભાઈ દલસુખભાઈ કોરડીયા તરફથી પુત્ર કલ્પેશભાઈ તથા પુત્ર વધુ શ્વેતાબેનની અઠ્ઠાઈ તપની આરાધના નિમિત્તે

### શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, આર્થિક સહાય ખાતે

૫૦,૦૦૦/- શ્રીમતી ચંદનબેન અરવીંદકુમાર મહેતા તરફથી ભેટ

૫૦,૦૦૦/- શ્રી અનીલભાઈ તથા અજયભાઈ કાંતીલાલ પારેખ તરફથી સ્વ. ગુણવંતીબેન કાંતીલાલ પારેખ ના આત્મશ્રેયાર્થે

૨૫૦/- શ્રી ગિરીશભાઈ દલસુખભાઈ કોરડીયા તરફથી પુત્ર કલ્પેશભાઈ તથા પુત્ર વધુ શ્વેતાબેનની અઠ્ઠાઈ તપની આરાધના નિમિત્તે

### શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત યોજનામાં મળેલ ભેટની યાદી

૫૦,૦૦૦/- શ્રી તારાચંદ ધનજી ચેરીટી ટ્રસ્ટ તરફથી સ્વ. વનીતાબેન હરકિસનદાસ મહેતાના આત્મશ્રેયાર્થ (Correction)

૫૦,૦૦૦/- શ્રીમતી ચંદનબેન અરવીંદકુમાર મહેતા તરફથી ભેટ

શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**ભાઈબીજ - સ્નેહ સંમેલન**

કાયમી યજમાન **શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા તથા શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર** દ્વારા પ્રેરીત વર્ષ **૨૦૨૧નું ૪૯મું ભાઈબીજ-વાર્ષિક સ્નેહ સંમેલન** આ વર્ષે અનિવાર્ય સંજોગો વસાત મુલત્વી રાખેલ છે જેની સર્વ જ્ઞાતિબંધુઓએ નોંધ લેવી.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ભેટની રકમ નીચે લખેલ બેંકના ખાતાનાં જમા કરશોજી**

NAME : SHRI SORATH VISA SHRINALI JAIN SAMAJ

**BANKER : BANK OF BARODA,**

M. J. MARKET, MUMBAI - 400 003.

**S. B. A/C NO.: 03870100000044**

**IFSC : BARB0BULLIO** (આ કોડમાં પાંચમું કેરેક્ટર ઝીરો છે.)

**MICR : 40012047**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટની રકમ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી.

NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST

**BANKER : UNION BANK OF INDIA,** PRINCESS STREET, MUMBAI - 400 002.

**S. B. A/C NO.: 319102010054364**

**IFSC : UBIN0531910**

## Excellent Message

Distribute your day into 8+8+8 hrs to make
a good Balance sheet of your life
8 hrs. of Honest Hard Work
8 hrs. of Good Sleep and
8 hrs. should be spent on3 Fs,3 Hs and 3S
3 Fs are Family, Friends and Faith
3 Hs are Health, Hygiene and Hobbe and 3 S
are Soul, Service and Smile
This can make a Great Balance Sheet
of your Life / Our Life

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંકના ખાતામાં જમા કરશોજી**

**SHRI SORATH VISHASHRIMALI SHUBHECHHAK MITRA MANDAL**

BANKER : **BANK OF INDIA,**

**80 G AACTS 1446 GF 20214 Dt. 28.5.21**

**bullion e**xchange branch, Mumbai

**A/C NO.: 000810100006108**

**IFSC CODE NO.: BKID0000008**

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ No.: 9833500508ના વોટ્સએપ ઉપર મોકલી આપવા વિનંતી)

## સંસ્થા સમાચાર

આપણા સમાજની ઓફિસ હવે બપોરના ૧થી ૬ સુધી ચાલુ રહેશે. તો સહુએ નોંધ લેવા વિનંતી.

સમાજના જે પણ ભાઈ અથવા બહેનને કોઈપણ લેખ અથવા કવિતા અથવા શ્રદ્ધાંજલિની વિગત મોકલવી હોય તો નીચે આપેલા ઈમેલ આયડી પર મોકલશો.

આપણા સર્વ સભ્યભાઈઓને નમ્ર વિનંતી કે આપ સહુ વેબ-સાઈટ માટે આપના કુટુંબના વડિલનું નામ અને એડ્રેસ તથા મોબાઈલ નંબર સાથે રજીસ્ટર કરો.

**Website Registration** માટેનો

**Mobile No. 9321775805**

**Email : kirtimehta.kd@gmail.com**

આપણો સમાજનું મુખપત્ર વેબસાઈડ પર દરેક મહિને મુકવામાં આવે છે. તો વાંચકોએ તેની નોંધ લેવી.

જ્ઞાતિબંધુને કોઈપણ લેખ અથવા કવિતા મોકલવી હોય તો સમાજની ઑફિસે પણ મોકલાવી શકે છે.

With Best Compliments From

# શ્રી ગુણવંતરાય વૃજલાલ મહેતા પરિવાર

(મુળવતન : ખીરસરા - જેતપુર, હાલ : ભિવંડી-મુલુન્ડ)

Trusted Since 1975

**Gunvant V. Mehta**
+91 98223 97900
gvmehta1951@gmail.com

**Alpesh G. Mehta**
+91 93263 31199, 99210 10476
suvidhasalescorp@gmail.com

# Suvidha

## SALES CORPORATION

Importers & Dealers :
All Types of Textile Weaving Accessories & Machineries
Genuine Spare for Rapier, Ruti-C, Punching Machine, Drop Pin Machine & Drop Pins, Flat Healds J & C Type in All Size & All Types

2/14, Kashinath Bhavan, Agra Road,
Near Ratan Talkies, Bhiwandi-421302,
Dist. Thane, Maharashtra, India.

+91 2522 - 221675
+91 93205 68368
suvidhasalescorp@gmail.com

જ્યાં સરળતા..... ત્યાં સફળતા.....

Yash Sheth (M): +91 99207 87844
Dharmin Sheth (M): +91 87935 17863

CONTENDRE

Solar PV Manufacturing
& Solutions Provider

NO MORE COUNTING
KILOWATTS

Indulge in all the electricity you want with Contendre Solar



We Provide:
-Complete Turnkey EPC Project
-Unmatched Service
-Expert Guidence
-Best Quality Solar Panels manufactured at our Facility

Web: www.contendresolar.com Email: info@contendresolar.com

CONTENDRE
INFRATECH PVT. LTD.

Builders & Developers

Paresh Sheth (M): +91 99207 87842
Email: contendreinfra@gmail.com
pareshsheth64@gmail.com

www.contendreinfra.in



909, Filix Tower, L.B.S. Marg,
Bhandup (West),
Mumbai - 400 078, INDIA.

JAINAM
ENTERPRISE

Rohit Sheth (M): +91 93206 62643
Chetan Sheth (M): +91 80078 60858
Office: +91 2522 224043

We Are Dealing in All Types of Second Hand & New Textile Machines & its Spare Parts

Add: 225/A, Trimurti Complex, Opp. Ashok Hotel, Kalyan Road, Bhiwandi - 421302

SYMBOL OF TRUST SINCE 35 YEARS

PUBLISHED ON 20TH EVERY MONTH - RNI - 22805 / 73 - SOATH VISHSHRIMALI (Guj. Monthly)
POSTED AT KALBADEVI HEAD POST OFFICE, MUMBAI - 400 002. ON 20th & 21st OF EVERY MONTH
Printed & Published by : Kirtiben Mayurbhai Mehta on behalf Shri Sorath Visa Shrimali Jain Samaj Printed at Arihant Printing Press - Mo. : 9223430415
If Undelivered Pl. return of - Shri Sorath Visa Shrimali Jain Samaj 4, Devkaran Mansion, Bldg., No. 7, 2nd Flr., 24, Vithaldas Road, Mumbai-400002. Maharashtra (India)